Reg. No. B. 876.

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગના હિતાર્થે પ્રકટ થતું,

सर्वं परवशं दुःखं, सर्व मात्म वशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुख दुःखयोः ॥

વર્ષ ૧ લું. અંક ૭ મો.

# બુદ્ધિપ્રભા.

( LIGHT OF REASON. )

नाहं पुद्गल भावानां कर्त्ताकारयिता न च ।
नानु मन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટ કર્તા.
અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગ;
નાગોરીસરાહ—અમદાવાદ

વાર્ષિક લવાજમ—પોસ્ટેજ સાથે રૂ. ૧—૪—૦. સ્થાનિક ૧—૦—૦

અમદાવાદ 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | ક્ષમાપના. ... ... | ૧૯૩ |
| ૨ | શ્રી ગુરૂબોધ. ... ... | ૧૯૫ |
| ૩ | શ્રી સત્યવિજયજી પન્યાસનું જીવન ચરિત્ર. ... ... | ૧૯૯ |
| ૪ | જૈનોની તંદુરસ્તિ. ... | ૨૦૫ |
| ૫ | આત્મ દષ્ટિ. ... ... | ૨૦૯ |
| ૬ | અંતરાય (વિઘ્ન.) ... | ૨૧૧ |
| ૭ | અથ શ્રી સોમસૌભાગ્ય કાવ્યના ગુજરાતી ભાષાંતરના સંબંધમાં કેટલાક વિચાર. | ૨૧૬ |
| ૮ | ઉચ્ચ ગ્રાહ. ... ... | ૨૧૯ |
| ૯ | બોર્ડીંગ પ્રકરણ. ... | ૪ |



# ગુરૂદર્શન.

## માટે કાંઈ વિચાર થાય છે ?

**અદ્રશ્ય ગુરૂ તમને સુવર્ણની સાત કુંચીઓ આપશે.**

**એ કુંચીઓથી સ્વર્ગ અને**

**મોક્ષનાં દ્વાર તમારે માટે ખુલ્લાં થશે.**

આ 'ગુરૂદર્શન' પુસ્તકમાંનો ઉપદેશ ઉચ્ચજીવન ગાળવાને અત્યંત લાભદાયક થઇ પડશે એ બાબતની ખાત્રી આપી શકાશે.

**વિશેષ ખાત્રી જોઇતી હોય તો માત્ર ૦-૬-૬ ની ટીકીટો નીચેને ઠેકાણે મોકલી તમે પોતેજ પુસ્તક વાંચી જુઓ.**

**☞ "બુદ્ધિપ્રભા" ના ગ્રાહકોને ૦-૪-૬ મળશે.**

પુસ્તક મળવાનું ઠેકાણું—બુદ્ધિપ્રભા ઓફીસ—**અમદાવાદ.**

---

## ઝવેરી લલ્લુભાઇ રાયચંદ હોમફોર ઇનક્યુરેબલપૉપર્સ.

**અમદાવાદ.**

જે લોકોના રોગ કોઇપણ રીતે મટી શકે તેમ ન હોય, તેવા અસાધ્ય રોગવાળા ગરીબોને મદદ કરવાને ઉપર જણાવેલી હસ્પીટાલ તા. ૧૩ જાનેવારી સને ૧૯૦૯ ના રોજ અમદાવાદના મહેરબાન કલેકટર સાહેબને હાથે ખોલવામાં આવી છે. તેને જે કંઇ મદદ આપવામાં આવશે તે આભાર સાથે સ્વીકારવામાં આવશે.

મદદની રકમ નીચેને શીરનામે મોકલી આપવી.

**"બુદ્ધિપ્રભા" ઓફીસ, નાગોરીશરાહ, અમદાવાદ.**

# બુદ્ધિપ્રભા.

( The Light of Reason. )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय-भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૧ લું. તા. ૧૫ મી અકટોમ્બર સન ૧૯૦૯. અંક ૭ મો.

## ક્ષમાપના.

રાગ મીરાના પદનો.

જીવોને હું ખમાવું રે, વૈરઝેર દૂરે કરી.
મિત્રો સર્વે મ્હારે, ખમાવો સહુ પ્રેમ ધરી;
લક્ષ ચોરાશી, જીવનીયોનિ, ઉપન્યો વાર અનંત.
મન વાણી કાયાથી દુહવ્યા, જીવો મોહે અત્યંત;
પશ્ચાતાપ તેનોરે, કરૂ હવે જ્ઞાનધરી. જીવોને. ૧
મનુષ્યજન્મ ધારી આ ભવમાં, બાંધ્યાં મેં જે વૈર.
સ્મરણ કરી હું દૂર કરૂં છું, સમતાએ લીલા લ્હેર;
વેરીનાં વેર નાસોરે, ઉપશમ ભાવે મુક્તિ ખરી. જીવોને. ૨
ક્રોધમાન માયાને લોભે, જીવ સંતાપ્યા બહુ.

અજ્ઞાને માઠું જે જે કીધું, ખમાવું છું તે સહુ;
નમી નમી ખમાવું રે, સકલસંઘ ભક્તિ ધરી. જીવોને. ૩

પાપી મિથ્યાત્વી જીવો તેમ, મિત્રો ભકતો સર્વ.
ખેદ અપ્રીતિ જે ઉપજાવી, ખમાવું છું તજી ગર્વ;
પર્યુષણાના પર્વેરે, પરભાવ પરિહરી. જીવોને. ૪

ક્રોધ કપટ કામાદિક દોષે, સંતાપ્યો નિજ જીવ.
પોતે પોતાને હું ખમાવું, નિશ્ચયથી જીવ શિવ;
અન્તરના દેશે ઉતરેરે, ક્ષમાપના શુદ્ધ ઠરી. જીવોને. ૫

સિદ્ધસમા સર્વેછે જીવો, સત્તાએ ગુણવંત.
કોઈ ન શત્રુ તેમાં મ્હારો, નિશ્ચય ચિત્તવસંત;
શિષ્યોને હું ખમાવું રે, ગુરૂઓને પ્રેમભરી. જીવોને. ૬

કરૂણા સર્વજીવોપર રહેશો, દ્રવ્યભાવથી નિત્ય.
પરગુણ પરમાણુ પર્વતસમ, ભાસો પ્રમોદે ચિત્ત;
માધ્યસ્થભાવે રહીનેરે, ખમું ખમાવું કરગરી. જીવોને. ૭

અહંભાવનો ખેદ ટળો સહુ, નાસો માયા દૂર.
દ્રવ્યભાવથી જીવ ખમાવું, જ્ઞાનાનંદ ભરપૂર;
દ્રવ્યભાવપર્વેરે, મલીનતા દૂર હરી. જીવોને. ૮

ત્રણ ભુવનનો નાથ અહો હું, સત્તાએ કહેવાઉં.
આપ સ્વરૂપે ધ્યાને રહું તો, વ્યક્તિપણે શુદ્ધ થાઉં;
બુદ્ધિસાગર જ્ઞાનેરે, જાગંતાં શિવશાંતિવરી. જીવોને. ૯

ૐ શાંતિ. ૩

# શ્રી ગુરૂબોધ.

( લેખક મુનિ શ્રી બુદ્ધિસાગરજી. )

## ઉચિત વિનય.

સ્વધર્મીની સાથે યથાયોગ્ય વિનય સાચવવો, તેમજ અન્યધર્મી મનુષ્યોની સાથે પણ યથાયોગ્ય જે સમયે જેમ ઘટે તેમ વિનય સાચવવો જોઇએ. કોઇ વિદ્વાન્ મનુષ્યોનો સમાગમ થાય તો તેની સાથે પ્રેમથી વર્તવું, વિનયથી બોલવું યથા યોગ્ય સન્માન આપવું, નોકરે પોતાના ઉપરીનો વિનય સાચવવો.

**નોકરે ઉપરીનો વિનય સાચવવો**

શેઠ અગર સત્તાધિકારી હોય તેની સાથે નીતિથી વર્તવું. ઉપરીનો કદી વિશ્વાસઘાત કરવો નહિ, પોતાના ઉપરીનું ખરાબ ચિંતવવું નહિ, નોકરે શેઠની દુકાનમાંના ગુપ્ત બનાવોને અન્યની અગ્ર પ્રકાશવા નહિ, શેઠ કદાપિ નોકર ઉપર ક્રોધાયમાન થાય તો નોકરે તે પ્રસંગે શાંતિ ધારણ કરવી, પણ શેઠના સામું. ક્રોધ યુક્ત વાણીથી બોલવું નહિ. શેઠ શાંત થાય ત્યારે પ્રસંગ જોઇ યોગ્ય હકીકત પ્રકાશવી. આવી ઉત્તમ નોકરની વર્તણુક જોઈ શેઠ નોકરના પગારની વૃદ્ધિ કરે છે, અને તેના ઉપર સદાકાલ પ્રેમ ધારણ કરે છે, તેના ભલામાં શેઠ ખુશી રહે છે, જેનું રાજ્ય હોય તેને રાજા કહે છે. પ્રજાએ પ્રજાપાલક રાજાનો વિનય કરવો જોઇએ,

**રાજાનો વિનય.**

રાજાનું બુરૂ ઇચ્છવું નહિ, ગુપ્તસમયમાં પણ રાજાની નિંદા કરવી નહિ, રાજાનું અપમાન થાય તેવા શબ્દો ઉચ્ચારવા નહિ, રાજાની શાંતિ ઇચ્છવી, કેટલાક લોકો રાજ્ય વિરૂદ્ધ વર્તે છે અને નૃપતિનું બુરૂ કરવા પ્રયત્ન કરે છે તે યોગ્ય કહેવાય નહીં. રાજાએ પણ પ્રજાને પુત્રની પેઠે પાળવી જોઇએ પ્રજાના ઉપર ત્રાસપ્રદ કરો વધારવા નહિ, પ્રજાની ઉન્નતિ થાય તેવા ઉપાયોમાં તલ્લીન રહેવું. પ્રજાના સર્વ વિભાગનું એક સરખી રીતે ભલું કરવું. પ્રજા ઉપર વિષમ દૃષ્ટિ ધારણ કરવી નહીં પ્રજાના પ્રેમ વિનાનો રાજા રાજાજ નથી. પ્રજાનું ભલું કર્યા વિના પ્રજાનો પ્રેમ રાજા ઉપર થતો નથી. રાજા રાજાના ધર્મ ન સાચવે અને પ્રજાને કનડે તો પ્રજા ક્યાંથી રાજાનો વિનય સાચવી શકે પિતા બાળકનું મન મનાવે છે તો પિતાને બાળક ચાહે છે, તેમ રાજાએ પણ પ્રજાનું સદાકાળ ભલું ઇચ્છવું. ગાડી વાડી લાડી તાડી મોજમઝામાં પ્રજાનું ધન વાપરવાથી

કંઈ રાજા શોભા શકતો નથી, ઉચ્ચદયા, દેશદાઝ, પ્રજાનું ભલું કરવાથી રાજા શોભા શકે છે. ઉત્તમ રાજાઓની પ્રજા સદાકાળ રાજાને શુભાશીઃ આપે છે, પ્રજાએ રાજાનું કદી બુરૂં ઇચ્છવું નહિ, પ્રજાની ઉન્નતિનો આધાર રાજા ઉપર છે તેમ રાજાની ઉન્નતિનો આધાર પ્રજા ઉપર છે, પ્રજાએ નૃપતિમાં જે જે સદ્‌ગુણો ખીલેલા હોય તેનું કીર્તન કરવું, પોતાના કરતાં જે વૃદ્ધ હોય તેનો વિનય સાચવવાથી અનેકધા સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય છે પોતાનાથી જ્ઞાનમાં અધિક હોય તે પણ વૃદ્ધ કહેવાય છે તેવા પુરૂષોની સેવા કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કોઇ પોતાના કરતાં કળામાં વૃદ્ધ હોય તો તે કળા વૃદ્ધપુરૂષોનો વિનય કરવાથી યોગ્ય કલાઓની પ્રાપ્તિ થાય છે. પોતાના કરતાં અનુભવમાં વિશેષ હોય તે **અનુભવ વૃદ્ધ** કહેવાય છે. અનુભવ વૃદ્ધ પુરૂષોની સેવા કરવાથી અનેક પ્રકારના અનુભવો મળે છે. તપમાં જે વિશેષ હોય તે તપોવૃદ્ધ કહેવાય છે, તપોવૃદ્ધ પુરૂષોની સેવા કરવાથી અને તેમની મરજી સંપાદન કરવાથી તપોગુણની પ્રાપ્તિ થાય છે. સર્વ પ્રકારની જડ વસ્તુઓની ઇચ્છાનો નિરોધ કરવો તે ઉત્તમોત્તમ તપ કહેવાય છે. વયોવૃદ્ધ પુરૂષોનો પણ યથોચિત વ્યવહાર વિનય સાચવવાથી અન્યની પ્રીતિમાં વૃદ્ધિ થાય છે. પુત્રીઓએ પણ પોતાનાથી મોટી બેન હોય, ફુઈ હોય, માશી હોય, કાકી હોય, ભાભી હોય ઇત્યાદિ મોટાંઓનો વિનય કરવો તેમના સામું ઉદ્ધતપણાથી વદવું નહિ. ચબાવલાં થઇ મોટાંઓને મ્હેણાં મારવાં નહિ, સામાન્ય વસ્તુ માટે મોટાં સાથે કલેશ કરવો નહિ, મોટાંઓને અપમાન ભર્યા શબ્દોથી કંઈ કહેવું નહિ, મોટાંઓની નિંદા ખટપટ થતાં કોઇની આગળ કરવી નહિ, લુચ્ચા આદિ શબ્દોને કદી મુખમાંથી બ્હાર કાઢવા નહિ, મોટાઓ કદી ક્રોધ કરે તો સમતા રાખવી. સામાન્ય બાબતમાં મોટાઓની સાથે લડવું નહિ, મોટાઓ જે જે શિખામણો આપે તે આત્માના હિત માટે છે એમ સમજી હૃદયમાં ધારણ કરવી. પોતાનાથી જે મોટી જ્ઞાનવયાદિકમાં સખીઓ (બ્હેનપણીઓ) હોય તેનું માન કરવું, ધન અગર સત્તાના તોરમાં તેઓનું અપમાન કરવું નહિ, કદી તેમને રીસમાં મ્હેણું મારવું નહિ, બ્હેનપણીઓને સારી શિખામણો આપવી, કદી નઠારી સલાહ આપવી નહી, સાહેલીઓના ભલામાં સદાકાલ ચિત્ત દેવું, તેમના મનમાં ઓછું આવવા દેવું નહિ. વિપત્તિ સમયમાં બને તેટલી મદદ કરવી, તેમના

**વૃદ્ધ પુરૂષોનો વિનય સાચવવો.**

**પુત્રીઓએ પણ મોટાંનો વિનય કરવો.**

ઉપર બદલો લેવાની ઇચ્છા વિના ઉપકાર કરવા સાહેલીઓ આડા માર્ગે જતી હોયતો સમજાવી ઠેકાણે લાવવી, મુખથી ફક્ત મીઠું બોલી ખુશી કરવાની ટેવ રાખવી નહિ, મુખમાં અને મનમાં ભલું રહેવું જોઇએ. સાહેલીઓમાં જે જે દૂષણો દેખાય તે અન્યની આગળ કહી હલકા પાડવા પ્રયત્ન કરવો નહીં. સાહેલીઓમાં જે જે સદ્‌ગુણો હોય તેની પ્રશંસા કરવી. આવી નીતિથી સાહેલીઓનો ઉત્તમ પ્રેમ વિનયવડે સાચવી શકાય છે. ધર્મના માર્ગમાં કે કર્મના માર્ગમાં પણ વિનયની તો ખાસ જરૂર છે. સાહેલીઓએ ખાનગીમાં કહેલી ગુપ્તવાતોને અણબનાવ થતાં કોઇની આગળ કહેવી નહિ. વાતવાતમાં બ્હેનપણીઓને માઠું લાગે એવાં મર્મવાક્યો હસતાં હસતાં કહેવાં નહિ, વૈરવિરોધ થાય એવો અસભ્યવ્યવહાર કદી મનમાં ચિંતવવો નહિ. સ્વાર્થની ખાતર બ્હેનપણીઓને આડું અવળું ભરાવવું નહિ. કારણ કે તેમ કરવાથી માનસિક ઉત્તમ વિનયને દેશવટો મળે છે. બ્હેનોને ઉત્તમ ધર્મમાં જોડવી, મિથ્યાત્વ ધર્મનો ત્યાગ કરાવવો એ પણ સર્વોત્તમ વિનય છે. બ્હેનોએ પરસ્પર એક બીજા પ્રતિ જે જે અપરાધો થયા તેની ક્ષમાપના ( માફી ) ઇચ્છવી. આ પણ ઉત્તમ વિનય છે. બ્હેનોનું તન મન ધનથી ભલું કરવું આ પ્રમાણે બ્હેનોનો ધર્મ છે. બ્હેનોએ સદાકાલ સંપીને રહેવું. પુત્રીઓએ ઉપકારી પ્રતિ વિનય સાચવવો. કોઇની સાથે બોલવું હોય તો અમૃત જેવા મીઠા શબ્દોથી બોલવું. પોતાના કરતાં જે મોટી સ્ત્રીઓ હોય તેનું મદમાં આવી અપમાન કરવું નહીં, અને તેટલું તેમનું મન વાણી કાયા અને વિત્તથી ભલું કરવું, કદી મોટાં ઉપર ગુસ્સે થઇ અવિનય ભરી કુચેષ્ટાઓ કરવી નહીં. જે પુત્રીઓ, બ્હેનો, વિનયરત્નને હૃદયમાં ધારણ કરે છે તે યશઃકીર્તિ, લક્ષ્મીને પામે છે. તેમના ગુણ સર્વત્ર ગવાય છે.

**મિત્રોએ મિત્રો પ્રતિ વિનય કરવો.**

મિત્રોએ પણ પોતાના કરતાં જે જ્ઞાનમાં, ઉમરમાં, સદ્‌ગુણોમાં, વ્રતમાં મોટા મિત્ર હોય તેમનો વિનય કરવો. જ્ઞાનમાં મોટા હોય તે મિત્રોનું બહુમાન કરવું, તેમની આગળ લઘુતા ધારણ કરવી, તેમની હિતશિક્ષા બહુમાનપૂર્વક સાંભળવી. તેમનાં વદેલાં વચનો હૃદયમાં ધારણ કરવાં, જે જે હૃદયમાં શંકાઓ થાય તેનો નિર્ણય કરવો, વિતંડા વાદમાં ઉતરી જ્ઞાનિમિત્રોને સતાવવા નહિ, જ્ઞાનિમિત્રોની પાસેથી વિનયથી જ્ઞાન લેવું, તેમની મશ્કરી કરવી નહિ, તેમની યથાશક્તિ વિવેકથી અને તન મન ધનથી સેવા કરવી, તેઓ શિખામણ આપે તો ક્રોધ કરવો નહિ, મીઠું બોલનારા ઘણા મળે

છે પણ કડવી હિત શિક્ષા દેનારા અલ્પ મળે છે, મિત્રોના દુર્ગુણોનો અન્યની આગળ પ્રકાશ કરવો નહિ, મિત્રની ગુપ્તવાતો તેના વિરોધીઓને કહેવી નહીં, મિત્રોના દુર્ગુણોનો નાશ કરવા ત્હેને એકાંતમાં શિખામણ આપવી, મિત્રની આગળ સરલ પરિણામથી વાર્તા કરવી, લોકોના દેખતાં મિત્રની ચડસા ચડસીમાં હલકાઇ કરવી નહીં. મિત્રનો વિશ્વાસ ઘાત કદી કરવો નહિ, દુર્જનની મિત્રાઇ પુનમના ચંદ્રની પેઠે ક્ષીણતાને પામે છે અને સુમિત્રની મિત્રાઇ બીજના ચંદ્રની પેઠે વૃદ્ધિ પામે છે. મિત્રના ગુણોનો અન્યની આગળ પ્રકાશ કરવો, મિત્રના અવગુણો અન્યની આગળ ઢાંકવા, મિત્રને સંકટમાં સહાય કરવી, મિત્રનું સદાકાળ સારૂં ઇચ્છવું. મિથ્યા માર્ગમાંથી મિત્રને સમ્યક્ત્વ માર્ગમાં લાવવો એ વિનયનો ઉત્તમ ભેદ છે. રાજ્ય સત્તા, કુળ રૂપ વિદ્યા, યૌવનાદિકના મદથી મિત્રનું અપમાન કરવું નહિ, પ્રસંગે પ્રસંગે મિત્રને શુભ માર્ગ દેખાડવો, મિત્રનું ધન ફોલી ખાવા અથવા કંઇ સ્વાર્થના લીધે કેટલાક મિત્રાઇ ધારણ કરે છે, તેઓ મિત્રનો વિનય માર્ગ સમજી શકતા નથી. શુભ સમયમાં તો સર્વ મિત્ર બની ઇચ્છા કરે છે પણ ધન સત્તાનો નાશ થાય છે ત્યારે સુવર્ણની પેઠે મિત્રની ખરી પરીક્ષાની કસોટી નીકળે છે. મિત્રનું ક્રોધમાં ઉદ્ધત શબ્દથી અપમાન કરવું નહીં. અમૃત સમાન મિષ્ટ શબ્દોથી મિત્રોને બોલાવવા મિત્રોની કીર્તિ જાળવવી, ધર્મ માર્ગમાં સ્થિર કરવા ઇત્યાદિ મિત્રોએ પરસ્પર વિનય માર્ગ સમજી વિનયમાં તત્પર થવું. વિનયવંત મિત્રો હંસની પેઠે શોભી શકે છે તેમના ઉત્તમ આચાર, વિચાર, અને વાણીથી સર્વત્ર માન પૂજા પામે છે, મોટાઓની સાથે પુત્રોએ લઘુતાથી વર્તવું. માનમાં આવી મન વાણી અને કાયાથી કોઇનું અપમાન કરવું નહિ, દ્રવ્ય અને ભાવ મિત્રનો પણ દ્રવ્યથી અને ભાવથી વિનય કરવો, ભક્તિ અને બહુમાનથી

**દ્રવ્ય વિનય કરતાં ભાવ વિનય શ્રેષ્ઠ છે.**

કરેલો વિનય સત્ય ફળને અર્પે છે, દ્રવ્ય વિનય અથવા વ્યવહાર વિનય કરતાં ભાવ વિનય વિશેષતઃ ઉત્તમ આ ભવમાં અને પરભવમાં છે. વિનય કરતાં સર્વેપ્સિત વસ્તુઓની પ્રાપ્તિ થાય છે તેમાં કોઇ જાતની શંકા નથી. સમ્યક્ત્વવંત જીવો ભાવ વિનયને પામી શકે છે. લૌકિક વિનય કરતાં લોકોત્તર વિનય વિશેષતઃ આરાધ્ય છે, પરમાત્મ પદની પ્રાપ્તી લોકોત્તર વિનયથી શિઘ્ર થઇ શકે છે. વિનયની આરાધના કરતાં દેવતાઓ, નૃપતિઓ, અને મહર્ષિઓ સહેજે વશ થાય છે. વિનય વશીકરણ કરતાં અન્ય વશીકરણ વિદ્યા મોટી જણાતી નથી. યોગ્ય ક્ષેત્ર

કાલમાં જ્યાં ત્યાં જેવો ઘટે તેવો મન વાણી અને કાયાથી ઉચિત વિનય સાચવનાર સ્ત્રીઓ તથા પુરૂષો આ ભવમાં તથા પરભવમાં સુખી થાય છે.

**વિનય રાખો સુખ તેથી છે.**

ભવ્યબંધુઓ વિનયનો ઉત્તમ મહિમા જાણી અહર્નિશ તેનું સેવન કરો. વિનય કરવાથી **વૈનયિકી બુદ્ધિ** હૃદયમાં પ્રગટ થાય છે. કર્મની વર્ગણાઓ ખરી જતાં આત્મા નિર્મલ થાય છે. વિનયનું ફળ પ્રતિદિન આ ભવમાં તમે અનુભવશો, વારંવાર વિનયનું સેવન કરવું યોગ્ય છે.

ૐ **शान्तिः ३**

---

# તપાગચ્છ વિજય શાખામાં અગ્રગણ્ય સંવેગી શ્રી સત્યવિજય પન્યાસનુંજીવન ચરિત્ર.

**( લેખક. મુનિ. બુદ્ધિસાગર. )**

મહાત્મા પુરૂષોના ચરિત્રથી અનેક પ્રકારનું જ્ઞાન થાય છે અને તેમના સદ્વર્તનનો લાભ પણ વાચકવૃન્દને થાય છે. પંડિત શ્રી જિનહર્ષ મુનિરાજેશ્રી સત્યવિજયજીનું નિર્વાણુ બનાવ્યું છે તેના આધારે આ લેખ લખવામાં આવે છે.

**દેશ ગામ, અને જન્મ.**

શ્રી સત્યવિજયજીનો જન્મ દેશ માળવા હતો. સપાદલક્ષના નામે તે દેશ ઓળખાય છે. માળવામાં લાડલું નામનું ગામ હતું તે સમયમાં ત્યાં વ્યાપાર સારો ચાલતો હતો. ગૃહસ્થ વણિક લોકો વસતા હતા. ત્યાં એક વીરચંદ નામે શેઠ વસતા હતા. તેમનું દુગડ ગોત્ર હતું. તેમના આચાર વિચાર સારા હતા. અને તેમની જૈન ધર્મ ઉપર શ્રદ્ધા સારી હતી. તેમની માતુશ્રી વીરમદે હતાં. તેમનામાં અનેક સદ્ગુણોએ વાસ કર્યો હતો. પત્નીના ધર્મોનું સારી પેઠે પાલન કરતાં હતાં, સર્વની સાથે પ્રેમથી સંભાષણ કરતાં હતાં. સાધુ સાધ્વી શ્રાવક, શ્રાવિકા, જીર્ણોદ્ધાર, જ્ઞાન અને

**સાત ક્ષેત્રમાં દાન આપવું**

ચૈત્ય એ સાત ક્ષેત્રનું યથાશક્તિ ધનથી પોષણ કરતાં હતાં. દાન આપવા ઉપર સારી રૂચિ હતી. વ્યાપારથી આજીવિકા કરીને સંતોષમાં જીવન નિર્ગમન કરતાં હતાં અનુક્રમે દેવગુરૂ ધર્મની આરાધના કરતાં

તેમને એક ભાગ્યવંત પુત્ર થયો તેનું શિવરાજ નામ પાડયું બાલક પુત્ર ઉપર મા બાપનો અત્યંત પ્રેમ થયો તેનાં લક્ષણ સારાં હતાં. ધર્મ ઉપર પ્રેમ સહેજે થવા લાગ્યો ધર્મ ક્રિયાઓમાં વિશેષતઃ રૂચિ થવા લાગી. એક દીવસ ત્યાં એક મુનીશ્વર પધાર્યા તેમના દર્શનથી શિવરાજના હૃદયમાં ધર્મની ઉંડી અસર થઈ કહ્યું છે કે

**શિવરાજપુત્ર જન્મ.**

**મુનિનો સત્સમાગમ**

## श्लोक.

**साधूनां दर्शनं पुण्यं, तीर्थ भूताहि साधवः**
**तीर्थः फलति कालेन सद्यः साधु समागमः १**

સાધુઓના દર્શનથી પુણ્ય થાય છે. સાધુઓ જંગમ તીર્થ રૂપ છે સ્થાવર તીર્થની સેવા તો પરભવમાં ફળ આપે છે અને સાધુઓનો સમાગમ તો ત્વરિત ફળ આપે છે મુનિના ઉપદેશની અસર શિવરાજના હૃદયમાં વિદ્યુત રૂપ થઈ વૈરાગ્યે હૃદયમાં વાસ કર્યો, સાંસારિક પદાર્થોની ક્ષણિકતા સ્પષ્ટ ભાસવા લાગી, માતા પિતા સગાં વ્હાલાં એક ભવનાં સંબંધી છે, પરભવમાં કોઈ સાથે આવનાર નથી. શરીરો વારંવાર વસ્ત્રોની પેઠે બદલવાં પડે છે એમ નિશ્ચય થયો. સંસારમાં વાસ અનાદિકાળથી કર્યો પણ સંસારનો પાર આવ્યો નહીં ધર્મ છે તે જ સાર છે. સાધુ માર્ગ આદરવાથી મુક્તિ મળે છે એમ નિશ્ચય થયો. માતા અને પિતાની પાસે આવી દીક્ષા લેવાની રજા માગી જનની અને જનકે પુત્રને અનેક પ્રકારે સમજાવ્યો પણ શિવરાજનો દીક્ષા લેવાનો નિશ્ચય દૃઢજ રહ્યો. માતાએ પરણાવવા ઘણો આગ્રહ કર્યો સાધુનાં વ્રત પાળવાં કઠીણ છે મોહનો પરાજય કરવો મુસ્કેલ છે સંસારમાં રહી ધર્મ કરવાની કોશીશ કરી પણ સર્વ પ્રાપંચિક કોશીશો વ્યર્થ થઇ, માતા અને પિતાએ અંતે અશ્રુપૂર્ણનયને દીક્ષા લેવાની રજા આપી અને કહ્યું કે હે શિવરાજ પુત્ર તું માબાપનું કહ્યું માનતો હોય તો અમારી સમ્મતિનઃ લુંકામાં લેતો નહુ સારૂ. શિવરાજને પૂર્વે સાધુ મળ્યા હતા તેના પ્રતાપથી તેમને જ્ઞાન થયું હતું તેથી કહ્યું કે લુંકા ગચ્છના આચાર્યને તેડાવશો નહિં કારણ કે હું તેમની પાસે દીક્ષા લેનાર નથી.

**જનની જનકને દીક્ષા માટે પ્રાર્થના**

સુવિહિ અને શુદ્ધ સમાચારી જેમાં છે અને જેમાં જિનરાજની

મૂર્તિ માનવામાં આવે છે એવા વીર ભગવાનની અવિચ્છિન્ન પટ્ટપરંપરામાં આવેલા સુવિહિત મુનિ ગુરૂની પાસે દીક્ષા અંગીકાર કરવાનો છું તે માટે હે માતા આજ્ઞા આપો. શિવરાજની બુદ્ધિ તપગચ્છમાં દીક્ષા લેવાની હતી. માતાએ પુત્રનું મન નિશ્ચય સ્થિર જોઈ શ્રી વિજયસિંહ સૂરીન્દ્રને તેડાવવા વિચાર કર્યો. વીરચંદની સલાહ લેઇ, ગામના શ્રાવક સંઘને પુછી, ગચ્છપતિ

**શ્રી વિજયસિંહ સૂરિને તેડાવવા વિજ્ઞપ્તિ આવાગમન.**

સૂરિને આનંદથી તેડાવવા વિજ્ઞપ્તિ કરી. સૂરિરાજ પણ લાભનું કારણ જાણી વિહાર કરતા પ્રવેશ મહોત્સવ પૂર્વક ત્યાં આવ્યા. સંઘમાં આનંદ થયો હજારો મનુષ્યો ધર્મ દેશના સાંભળી નિશ્શંકમનવાળાં થઇ ધર્મ સાધન કરવા લાગ્યાં. લુંકામતની શ્રદ્ધાવાળાઓ પણ પૂર્વની ખરી શ્રદ્ધામાં જોડાઇ મૂર્તિને માનવા લાગ્યા. દીક્ષા મહોત્સવની

**દીક્ષા મહોત્સવ.**

તૈયારીઓ થવા લાગી. અષ્ટાન્હિકા મહોત્સવ શરૂ થયો શ્રી વિજયસિંહ સૂરિવરે શિવરાજને ક્ષણિક પદાર્થોનું સ્વરૂપ સમજાવ્યું. હે ભવ્ય શિવરાજ, અનંતભવ પરિભ્રમણ કરતાં મહા પુણ્યયોગે સત્ય તત્ત્વનું ભાન થાય છે. આત્મામાં અનંત સુખ ભર્યું છે છતાં જીવ મોહથી જડ વસ્તુમાં સુખની ભ્રાંતિથી રાચે

**ગુરૂનો ઉપદેશ.**

માચે છે, સ્યાદ્વાદ દર્શનપૂર્વક આત્માનું સ્વરૂપ જ્ઞાન. દર્શન ચારિત્રરૂપ છે, પરદ્રવ્યમાં રમણતા કરવાથી પુદ્ગલ સંગથી છૂટાય છે. શ્રી વીતરાગ પ્રભુના ઉપદેશ પ્રમાણે કર્મથી છૂટવાને સાધુ માર્ગ શ્રેષ્ઠ છે, કારણ કે સાધુ થવાથી આશ્રવનો ત્યાગ થાય છે. આત્મા બાહ્ય વસ્તુઓને પોતાની નથી માનતો ત્યારે તે વખતે નિર્મમત્વ ભાવવાળો થાય છે, છકાયના જીવોની દયા પણ ચારિત્ર લેવાથી બને છે. તે ભવમાં મુક્તિ પામનાર તથા ત્રણ જ્ઞાન સહિત એવા તીર્થંકરો પણ ચારિત્ર અંગીકાર કરે છે. ઇત્યાદિ ઉપદેશ સાંભળી શિવરાજ કહેવા લાગ્યા કે હે ગુરૂરાજ મ્હને આ અસારસંસારમાંથી તારો—સદ્ગુરૂવિના જગતમાં કોઇ તારનાર નથી. આપનુંજ મ્હને

**શિવરાજની પ્રાર્થના.**

શરણ થાઓ. કૃપા કરીને દીક્ષા આપી મુક્તિમાર્ગ સન્મુખ કરો. આ પ્રમાણે વિનંતિ કરી શિવરાજ ઘેર આવ્યા, સાત આઠ વરઘોડા કાઢયા, સર્વ ગામ જમાડ્યું, સ્નાન કરી વસ્ત્ર આભૂષણ પહેરી ઘોડા ઉપર શિવરાજ ચઢયા, અનેક પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં, વરઘોડે ગાજતે વાજતે ગુરૂપાસે આવ્યો. માતાની ચક્ષુમાંથી

અશ્રુની ધારા વહેવા લાગી. માતાએ ગુરૂને કહ્યું કે હે ગુરૂરાજ– આપની દેશનાથી મને તથા મારા પતિ તથા પુત્રને ધર્મ ઉપર પૂર્ણરાગ થયો છે. મારા પુત્ર રત્નને હું આપને સોંપું છું. મારા હૃદયનો હાર છે, મારો પ્રાણ છે તેને આપશ્રી પુત્રની પેંઠે સાચવશો. આપના ખોળામાં અર્પ્યો છે માટે એને

**દીક્ષા.**

મીઠી વાણીથી હિતશિક્ષા આપશો. ન્હાના બાળક ઉપર કદી રીસ કરશો નહીં. એની બાલ્યાવસ્થા છે માટે તપ કરવાની ઉગ્રવૃત્તિને નિવારજો. અને સારી રીતે સાર સંભાલ કરશો. મારા પુત્રના અવગુણ તરફ દૃષ્ટિ દેશો નહીં. થોડું કહેવામાં ઘણું સમજી લેશો. ચઉદ વર્ષની ઉમરે શુભ વાર તથા શુભ વેળામાં

**સત્યવિજય.**

શ્રી વિજયસિંહ સૂરિએ શિવરાજને દીક્ષા આપી **સત્યવિજય** નામ પાડ્યું.–સાધુના વેષે ન્હાના મુનિવર્ય વૈરાગ્યની મૂર્તિ જાણે સાક્ષાત્ હોય નહિ ? તેમ શોભવા લાગ્યા–ગુરૂમુખે જ્ઞાન શિખવા લાગ્યા. વ્યાકરણ શાસ્ત્ર તથા ન્યાય શાસ્ત્ર,

**અભ્યાસ.**

સુત્રો, ટીકાઓ, ચૂર્ણ– ભાષ્ય નિર્યુક્તિ આદિનો સારી પેઠે અભ્યાસ કરવા લાગ્યા.

ઉત્કૃષ્ટ ક્રિયા કરવા લાગ્યા, પંચમહાવ્રત સારી પેઠે પાળવા લાગ્યા. પંચમ આરાના યતિયો પ્રમાદી થવા લાગ્યા, મૂળવ્રતમાં પણ દોષ લગાડવા લાગ્યા ત્યારે સત્ય વિજયજીના મનમાં વિચાર થયો.

## दुहा—मूळ निर्वाण ग्रन्थ,

**શ્રી વિજયસિંહ આચાર્યજીની આજ્ઞાથી સત્યવિજયજીએ ક્રિયોદ્ધાર કર્યો.**

**श्री आचारज पूछीने, करु क्रिया उद्धार,**
**निज आतम साधन करु, बहुने होय उपकार;**
**श्री गुरु चरण नमी करी, करजोडी तिवारोरे,**
**अनुमती जो मुजने दीयो, तो करु क्रिया उद्धारोरे.**
**काल प्रमाणे खप करु, दोषी इल कर्म दलेवारे,**
**तप करु आळस मूकीने, मानव भवनो फल लेवारे. २**
**गुणवंत गुरु इणिपरे कहे, योग्य जाणीने सुविचारोरे,**
**जिम सुख थाए तिम करो,निज सफल करो अवतारोरे. ३**
**धर्ममार्ग दीपाववा, पांगरीया मुनि एकाकीरे,**
**विचरे भारंडनी परे, शुद्ध संयमसु दिल छाकी रे. ४**

એક દીવસ શ્રી સત્યવિજયજીએ શ્રી વિજયસિંહસુરિને કહ્યું કે આપની આજ્ઞા હોયતો હું ક્રિયોદ્ધાર કરૂં. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ પ્રમાણે સંયમ પાળું શ્રી આચાર્યે કહ્યું કે—**જેમ સુખ થાય તેમ કરો (જહા સુખ્ખં દેવાણુ પ્પિયા )** પોતાનો અવતાર સફળ કરો. આ પ્રમાણે કહ્યું ત્યારે ધર્મમાર્ગ દીપાવવા શ્રી સત્યવિજયજીએ એકાકીપણે વિહાર કર્યો. ઉદેપુરમાં આવી ચોમાસું કર્યું. ઘણા લોકોને પ્રતિબોધ આપી ધર્મમાં સ્થિર કર્યા. છઠ્ઠ છઠ્ઠનું ઉગ્રતપ કરવા લાગ્યા, મેવાડમાં વિચરીને મારવાડ દેશમાં વિહાર કર્યો—મારવાડ દેશમાં ઘણા લોકોને જૈન ધર્મમાં સ્થિર કર્યા—મેડતા ગામમાં કે જ્યાં શ્રી આનંદઘનજી પણ પ્રસંગે રહેતા હતા ત્યાં આવી ચોમાસું કર્યું. ત્યાંથી વિહાર કરતા કરતા અનેક ભવ્યજીવોને પ્રતિબોધતા નાગોરમાં આવી ચોમાસું કર્યું. ત્યાં અનેક મનુષ્યોને ધર્મ પમાડી વિહાર કરતાં જોધપુરમાં આવી ચોમાસું કર્યું. એમ વિહાર કરતા કરતા સોજત ગામમાં પધાર્યા. શ્રી વિજયસિંહસૂરિની પટ્ટપર વિરાજિત શ્રી વિજયપ્રભ સૂરિએ સોજત ગામમાં સં. ૧૭૨૯ ની સાલમાં સત્યવિજયજીને **પન્યાસપદ** આપ્યું. ત્યાંથી વિહાર કરતાં સાદડી ગામમાં આવ્યા. ત્યાં આવી એક ચોમાસું કર્યું, ત્યાંથી વિચરતા અનુક્રમે ગુજરાત દેશમાં આવ્યા.

**સં. ૧૭૨૯ સોજત ગામમાં પન્યાસપદ.**

પાટણમાં આવતાં સંઘના આગ્રહે ત્યાં રહ્યા ત્યાંથી અમદાવાદ આવી ચાતુર્માસી કરી. અમદાવાદમાં ઘણો મહિમા થયો. સર્વ ગચ્છમાં મહાપુરૂષ શ્રી સત્યવિજયજી છે એવી ખ્યાતિ થઈ! ત્યાંથી પાટણ પધાર્યા. શ્રાવક તથા શ્રાવિકા શ્રી સત્યવિજયજી પન્યાસના મુખથી વ્યાખ્યાન સાંભળવા લાગ્યાં વૃદ્ધાવસ્થા થવાથી પાટણમાં ઘણાં ચોમાસાં કર્યાં, તેમના સાધુ તરીકે કેટલાક શિષ્ય પણ થયા. શ્રી સત્યવિજયજી પન્યાસની ઉમર ખ્યાસી વર્ષની થઈ—અમદાવાદના સોમકરણ શાહનો પુત્ર સૂરચંદ શાહ વ્યાપાર માટે પાટણમાં આવ્યા હતા, તે શ્રી સત્યવિજય પન્યાસને પ્રતિદિન વાંદી ધર્મોપદેશ સાંભળતા હતા, એક દીવસ પન્યાસજીને મંદવાડ થયો, ચાર પાંચ દીવસ મંદવાડ રહ્યો. પણ શ્રી સત્યવિજયજી ધર્મ ધ્યાનમાં લીન થયા, સમભાવે વેદના સહી ચઉસરણ પયન્નો આદિ સારી રીતે ગણવા લાગ્યા. અંત્યાવસ્થા જાણી ઘણાં સ્ત્રી પુરૂષો વાંદવાં આવવા લાગ્યાં. રૂપિયાદિક નાણાવડે પન્યાસના નિર્મળ નવ અંગનું નરનારીઓ પૂજન કરવા લાગી. નિર્વાણ ગ્રંથમાં રૂપૈયાદિક નાણાંથી નવ અંગે પૂજા કરી એમ લખ્યું છે. ઘણા લોકોએ વ્રત પ્રત્યાખ્યાન

ર્યો. પોશ શુદી બારસે સિદ્ધયોગ અને શનિવાર હતો ત્યારે પન્યાસજીએ દેહત્યાગ કર્યો. સુરચંદ શાહે તે પ્રસંગે બંદીવાનોને છોડાવ્યા, અનુપમ માંડવીરચીને તેમાં પન્યાસજીના શરીરને પધરાવ્યું. પ્રાતઃકાલમાં માંડવી કાઢી. આગળ સુરચંદ શાહ હતા. હાકેમના સિપાઇઓને પણ સાથે

**પોશ શુદી ૧૨ સ્વર્ગગમન.**

ગરબડ મટાડવા લીધા, **જય જય નંદા જય જય ભદ્દા** શબ્દ બોલતો સંઘ માંડવી સાથે ચાલવા લાગ્યો. શ્રાવક શ્રાવિકાઓ સોના રૂપાના ફુળ ઉછાળવા લાગ્યાં. વાડીમાં શરીર પધરાવ્યું, રૂડા સ્થાનકે ચિતારચી અગરતગર ચંદન, ધૃતાદિકથી શરીર પ્રજ્વાળ્યું, અને ત્યાં અનુપમ થૂભ બનાવ્યો, જે થૂભ દેખતાં ઘણા મનુષ્યોને તેમના જીવન ચરિત્રની યાદી આવે છે. અને તેમના સદ્‌ગુણો તરફ દૃષ્ટિ જાય છે, ગુણીના ગુણ ગાવતાં તે ગુણો સત્તામાં પોતાનામાં રહ્યા છે તે પ્રગટ થાય છે. શ્રી વિજયસિંહ સુરિના એ અંતેવાસી શિષ્ય હતા, તેમનું જીવન નિર્મળ ચારિત્રથી સફળ થયું. તેમનું નામ સંવેગી મુનિવરોમાં આદ્ય પુરૂષ તરીકે અમર થયું. તેમના શિષ્ય કપુરવિજય

**સારાંશ.**

થયા. શિથિલાચારમાં પડી ન રહેતાં નિર્મળ આચારને ધારણ કર્યો. તેનો ધડો હાલ લેવા યોગ્ય છે, અપ્રમત્તદશાથી તેઓ ઘણું કરી શક્યા, તેમની વૈરાગ્ય દશા હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે. ચઉદ વર્ષની ઉમરે દીક્ષા લીધી. સર્વ આયુષ્ય બ્હાસી વર્ષનું હતું, તે ઉપરથી સિદ્ધ થાય છે કે તેમણે અડસઠ વર્ષપર્યંત સંયમ માર્ગનું પરિપાલન કર્યું. શ્રી વિજયસિંહ સુરિએ કઇ સાલમાં દીક્ષા આપી તે નિર્વાણ ગ્રંથ ઉપરથી સિદ્ધ થતું નથી પણ ૧૭૨૯ ની સાલમાં પન્યાસપદ લીધું તે વખતમાં **શ્રી વિજયપ્રભ સુરીશ્વર** હતા. ત્યારે સિદ્ધ થાય છે કે ૧૭૨૯ ની સાલ પહેલાં દીક્ષા લીધી હોય, દીક્ષાની સાલ અને મૃત્યુની સાલનો અન્યરાસ વગેરેથી નિર્ણય કરવાનો બાકી રહે છે. આચાર્યોની પરંપરામાં ચારિત્ર માર્ગમાં સાધુઓ શિથિલ થાય છે ત્યારે ક્રિયોદ્ધાર થાય છે. શ્રી સત્યવિજયજીના પહેલાં શ્રી આનંદવિમલસૂરિએ પણ ક્રિયોદ્ધાર કર્યો હતો. શ્રી સત્યવિજય નિર્વાણ જોતાં તેમણે ક્રિયોદ્ધાર કર્યો તે વાત સાબીત થાય છે. સત્તરની સાલમાં ૧૭૩૮ કે ૩૯ સુધી શ્રી વિનય વિજયજી વિદ્યમાન હતા. તે પણ પન્યાસના સમકાલીન હતા. પણ વિનય વિજયજી ઉપાધ્યાએ ક્રિયોદ્ધાર કર્યો નથી. એમ તેમના ગ્રંથોથી જણાઇ આવે છે. શ્રી સત્યવિજયજીના સમકાલીન શ્રી યશોવિજયજી થયા. તે શ્રી ઉપાધ્યાય-

જીએ ૧૭૪૫ ની સાલમાં ડભોઇમાં સ્વર્ગગમન કર્યું. તેમણે પણ ક્રિયોદ્ધાર સંબંધી કંઈ હકીકત જણાવી હોય એમ જણાતું નથી. પણ પન્યાસજીએ ક્રિયોદ્ધાર કર્યો એ વાત તો નિર્વિવાદ સિદ્ધ થાય છે. તેમની ક્રિયોદ્ધારની ઇચ્છા તેમના સમકાલીન પંડિતોને માન્ય હતી કે નહિ તેનો નિર્ણય કરવો હજી બાકી રહે છે. સંવેગી માર્ગમાં શ્રી સત્યવિજયજી પ્રથમ થયા. તેમનાથી શિથિલાચાર નાશ પામ્યો તે પણ આજ્ઞા તો આચાર્યની માનતા હતા. શ્રી સત્યવિજયજી પણ વિજયસિંહસુરિબાદ વિજયપ્રભ સૂરિની આજ્ઞામાં હતા.

નિર્વાણના કર્તા શ્રી જિનહર્ષ મહા વિદ્વાન્ હતા. નિર્વાણ ગ્રંથની સાલ.

**सत्यविजय गुरु गावताए, थाए हर्ष अपार,**
**कर्यो गुरुए सदाए, श्री संघने जयकार. १**
**सत्तर छुप्पन्न वत्सरेए, महा शुदी दसमी प्रमाण,**
**निर्वाण पन्यासनो ए थयो जिन हर्ष सुजाण. २**

સત્તરસેં છપ્પનના માઘશુદીદશમીના દીવસે જિનહર્ષ પંડિતે સત્યવિજય નિર્વાણ બનાવ્યું, જિનહર્ષ પણ પન્યાસના સમકાલીન છે, સત્યવિજયને ગુરૂ કહી બોલાવે છે તેથી તે પણ તેમના રાગી સિદ્ધ થાય છે, પૂર્ણ રાગ વિના નિર્વાણ કેમ બનાવે.

શ્રી સત્યવિજયજીના ચરિત્રની વિશેષ હકીકત જાણવા માટે આગળ પાછળના ગ્રંથોની તથા રાસોની જરૂર છે. તેમણે સાધારણ જિનસ્તવન બનાવ્યું છે તે અમદાવાદમાં ડહેલાના ઉપાશ્રયમાં છે તે વિના પન્યાસજીએ ગુર્જર ભાષામાં અગર સંસ્કૃત ભાષામાં ગ્રંથ બનાવ્યો હોય એમ જણાતું નથી. તપાગચ્છ સંવેગી વિજયની શાખામાં ક્રિયોદ્ધાર કરનાર પ્રથમ આ પુરૂષ છે. એમ સ્પષ્ટ જણાઈ આવે છે. ખરતર, અંચળ વગેરે અન્ય ગચ્છમાં સત્યવિજયજીની પેઠે ક્રિયોદ્ધાર થયો એમ વાંચવામાં આવ્યું નથી. તેનું કારણ વિચારવા યોગ્ય છે. શ્રી સત્યવિજયજી પન્યાસના શિષ્યોના જીવનચરિત્રો યોગ્ય લાગશે તો યથા રૂચિમતિ નવરાશ પ્રસંગે લખવામાં આવશે.

ॐ शान्ति.

# જૈનોની તંદુરસ્તી.

( લેખક મ્હેતા વેલચંદ ઉમેદચંદ. હાઇકોર્ટ પ્લીડર. )

આપણે જૈનોનો ઇતિહાસ વાંચીએ છીએ તેમજ દેરાસરોની હાલની સંખ્યા વીગેરે જોઇએ છીએ તો આપણને નિશ્ચય થાય છે કે જૈનોની વસ્તિ એક વખતે કરોડોની સંખ્યાની હોવી જોઇએ. થોડા વખત ઉપર પંજાબની ઉત્તરે ફ્રન્ટીયર્સ પાસે જૈનોનાં મંદિરોનાં ખંડેરો માલુમ પડ્યાં છે તે શીવાય આખા હીંદુસ્તાનમાં જૈનોનાં તીર્થો મંદિરો વગેરે હયાતીમાં તેમજ ખંડેર સ્થિતિમાં માલુમ પડે છે. તેમજ જૈનોની વસ્તી સંબંધી ફકરા વાંચવામાં આવે છે તે ઉપરથી એમ ચોખ્ખું માલુમ પડે છે કે જૈનોની વસ્તી કરોડોની હોવી જોઇએ, તે હાલ ફક્ત ચૌદલાખ અને તેથી પણ ઓછી સંખ્યામાં આવીને રહી છે તેનું કારણ શું ? તે સવાલ દરેક જૈને મનન કરવા જેવો છે. મારા માનવા મુજબ તેનાં બે કારણ છે. એક એકે કેટલાક જૈન તત્વજ્ઞાનના અભાવે હીંદુ ધર્મ અંગીકાર કર્યો છે એટલે કે કેટલાએક વૈશ્નવ, શૈવ, સ્વામીનારાયણ, આર્યસમાજીસ્ટ વગેરે થયા છે. વસ્તી ઓછી થવાનું બીજું કારણ જૈનોમાં મરણનું પ્રમાણ ઘણું વધારે અને જન્મનું પ્રમાણ ઘણું ઓછું છે અને તેજ કારણથી વદના ચંદ્રની માફક પ્રતિદિન ઘટતી જાય છે. અને તે અટકાવવા ઉપાય લેવામાં આવશેનહીં તો અમાસના અંધારા સર્ખું થઇને રહેશે. તેના પુરાવો જોઇતો હોય તો મુંબાઇના પત્રોમાં જુઓ જૈનોનું મરણ પ્રમાણ સૌથી વધારે અને જન્મનું પ્રમાણ સૌથી ઓછું માલુમ પડશે. બીજી જગ્યાએથી તેવી રીતે ખબર બહાર પડતી નથી, પરંતુ તપાસ કરશો તો માલુમ પડશે કે દરેક જગ્યાએ વસ્તી ઘટાડા ઉપર છે. તો તેનાં શું કારણ છે અને તે અટકાવવા શું ઉપાયો લેવા જોઇએ તે મારા મત મુજબ નીચે પ્રમાણે આપું છું.

( ૧ ) મુખ્ય કારણ જૈનોમાં બાળલગ્ન છે. છોકરીની બારતેર વરસની ઉમર હોય અને છોકરો પણ તેરચૌદ વરસની ઉમરનો હોય તે વખત સાધારણ રીતે બંનેનું લગ્ન થાય છે. અને બંનેનો સંસારીક વ્યવહાર પણ ત્યારથીજ શરૂ થાય છે. જે વીર્ય બંધાવવાનો વખત છે તેજ વખત શરીરનો મુખ્ય આધાર તૂટી જાય છે, પરિણામે શરીર નબળું પડી જાય છે. કેટલાક પુરૂષો જુવાનઅવસ્થામાં ક્ષયથી પીડાઇ નાની વીધવાઓ પોતાની પાછળ મુકી મરણને શરણ થાય છે. સ્ત્રીઓનો ઘણો ભાગતો વંધ્યા રહે છે

અને કેટલીકને પ્રસવનો પ્રસંગ આવે છે તો તેમાંની કેટલીક સુવાવડમાંજ તેનો ભોગ થઈ પડે છે, અને કેટલાક પુરૂષો બે ત્રણ અને વખતે ચાર પાંચ વખતે પરણે છે અને કેટલીક સ્ત્રીઓ બાળપણમાં વિધવા થાય છે. અને આમાંથી બચી જોડું ઘણા વખત જીવવા ભાગ્યશાળી નીવડે અને તેમને સંતતિ થાય તો તે નિર્માલ્ય થાય છે. આના કારણથી વસ્તિ કેવી રીતે ઘટે છે. તે નીચેના આંકડાથી સ્પષ્ટ માલુમ પડશે. દાખલા માટે સો છોકરીઓ અને સો છોકરા લો, તેમાંથી વીસ છોકરા તથા વીસ છોકરીઓનાં લગ્ન થએલાં છે. તે છોકરાઓ ક્ષય રોગથી ગુજરી જવાથી વીસ છોકરીઓ વિધવા ઓ થઈ છે. પચીસ છોકરા મોટી ઉમર સુધી જીવવા પામ્યા છે. પરંતુ તેમની સ્ત્રીઓ સુવાવડ તથા નબળાઈથી બે વખત પરણ્યા છે પરંતુ તેમને સંતતી નથી. બાકીની ત્રીસ છોકરીઓ રહી તે ત્રીસ છોકરા સાથે પરણી છે. એટલે પચીસ છોકરા વાંઢા રહ્યા છે અને વીસ છોકરીઓ વીધવા થઈ છે. અને બાકી ત્રીસ કુટુંબ રહ્યાં તેમાંથી પંદર સંતતી વગરનાં છે અને સો કુટુંબમાંથી ફક્ત પંદર કુટુંબ સંતતી વાળાં નીકળે છે તેમની સંતતી પણ નિર્માલ્ય થશે. આ આંકડા મનસ્વી નથી પરંતુ એકંદર જૈનોના છોકરા છોકરીની સંખ્યા અમુક વખતે ગણી તેમની છેવટ સુધીની સ્થિતિ નીહાલશો તો થોડા ફેરફાર સાથે ઘણે ભાગે આવું પરિણામ જોશો અને છોકરાને વીસ પચીસ વરસની ઉમરે અને છોકરી સોળથી અરાઢ વરસની ઉમરે પરણાવવામાં આવે તો સેંકડે નેવુટકા કુટુંબો સારા વિસ્તારવાળાં માલુમ પડશે. કોઇ મને પુછશે કે જૈન કરતાં અન્ય કોમમાં બાળલગ્ન નાની ઉમરે થાય છે તેનું કેમ ? તેનો જવાબ હું આપીશ કે અન્ય કોમમાં બાળલગ્ન થાય છે પરંતુ સંબંધ મોટી ઉમરે થાય છે; અને જે કોમમાં સંબંધ નાની ઉમરે થાય છે તે કોમમાં પણ આવુંજ પરિણામ સમજવું. જે ધર્મ બ્રહ્મચર્યને ઘણી ઉંચ મહત્વતા આપે છે તેજ ધર્મના અનુયાયીઓ પોતાના બચ્ચાં પાસે બ્રહ્મચર્ય પાસે રહી ઢીંગલા ઢીંગલીની અવસ્થામાં તોડાવે છે; ત્યારે તેવા માણસોની અધોગતિ થાય તેમાં નવાઇ શું ? કોઈ કહેશે કે ભાઈ આ વખત બારીક છે માટે નાની ઉમરમાં પરણાવવાં સારાં. એટલે શું ? સોળવરસ સુધી છોકરીને અને વીશ વરસ સુધી છોકરાને રાખવાથી તેઓ અનુયાયીઓ અનીતિને માર્ગે ચડશે તેમ તમારૂં કહેવું છે ? તેમ હોય તો નીતિના સદ્‌વિચાર તમોએ તેમના મન ઉપર ઠસાવ્યા નથી તેમ સાબીત થાય છે. તેથી તમોજ ઠપકાને પાત્ર છો. બચ્ચાંને સારૂં શીક્ષણ આપો અને સારો દાખલો

બેસાડો તો આવી ધાસ્તી જરા પણ રહેશે નહીં. ઉલટું તેમને નાની ઉમરે પરણાવવાથી તમોજ તેમને કુચ્છંદમાં નાંખો છો. કેટલાંક માબાપો પોતાનાં બચ્ચાંને નાની ઉંમરે પરણાવી લાહો લેવાની ઇચ્છાથી બચ્ચાંનો સંસાર બગાડે છે પરંતુ એમ વિચાર કરતા નથી કે છોકરી રાંડશે અથવા પૂત્ર મરશે તો આખી જીંદગીનો બળાપો રહેશે. શ્રી શ્વેતામ્બર જૈન ડીરેકટરીને પાને ૯૩ કડી પ્રાંત સંબંધી લખેલી હકીકતઃ—

# કડી પ્રાંતમાં વિધવાઓની ઉમરવાર સંખ્યા નીચે પ્રમાણે છે.

| ૨૦ વર્ષ અંદર | ૨૦ થી ૩૦ | ૩૦ થી ૪૦ | ૪૦ ઉપરાંત. | કુલ. |
|---|---|---|---|---|
| ૧૧૯ | ૭૦૦ | ૯૩૪ | ૧,૮૭૪ | ૩,૬૨૭ |

ઉપર પ્રમાણે વિધવાઓ છે જેમાં અડધા કરતાં કાંઇક વધારે ભાગ મોટી ઉમ્મરે પહોંચેલી વિધવાઓનો છે. જ્યારે ચોથાભાગની વિધવાઓ આધેર અવસ્થાએ આવેલી છે. ભરયુવાવસ્થામાં વૈધવ્યનું દુઃખ ભોગવતી સ્ત્રીઓની પાંચમા ભાગ કરતાં સહેજ ઓછી સંખ્યા જણાઇ આવે છે. પોતાની ખીલતી યુવાવસ્થામાંજ કહો, અથવા સંસારમાં દાખલ થવાના પ્રથમપગથીએ કહો, ગમે તે કહો, પણ પોતાની જીંદગીની શરૂઆતમાંજ આવા વૈધવ્યનું અનિષ્ટ દર્શન થએલું. આ સંખ્યા પણ ઘણી મોટી ગણી શકાય, તે સાથે તે ઉપરાંતની ઉમરવાળી વિધવાઓને પણ આવું વિધવાપણું કઇ ઉમરે પ્રાપ્ત થયું હશે, તે પણ વિચારવાનું છે.

આ વિધવાઓની સંખ્યાના આંકડાના તરફ જોતાં ઘણી દીલગીરી અને નિરાશા ઉપજે એ સ્વાભાવિક છે, કારણ કે કુળ સ્ત્રીસંખ્યાના ચોથા ભાગ કરતાં પણ વધારે છે.

ચાલુ.

# આત્મ દૃષ્ટિ.

( લખનાર:—આત્મા. )

૧

## એક પશ્ચાતાપ.

### શ્રી વીર પ્રભુના દેશના સમયને સંભારી પશ્ચાતાપ મગ્ન આત્માનું શ્રી વીર પ્રભુને ઉદ્દેશીને કથન.

" આઠ મહા પ્રતિહાર્યની ઠકુરાઇથી વિભુષિત ચોત્રીસ અતિશય-વડે દેદિપ્યમાન, અને પાંત્રીસ વાણીના ગુણથી ગર્જિત મેઘ સમાન, મહા-વાણીથી જગત્ માત્રનું આત્મ દારિદ્રય ટાળતા હે વીર પ્રભુ ! આત્માની અનંત શક્તિ ફોરવી જે કલ્યાણી વેળાએ આપ સમવસરણમાં બીરાજેલા તે વખતે હું પામર પાપી તે ક્યા પાતાળમાં પેઠી ગયો હોઇશ ? અથવા જેન ત્યાંજ હતો તો હે દેવાધિ દેવ આપનાં વજ્રભેદી અને દિવ્ય વચનો મને એવા તે ક્યા અંતરાયવડે અસર કરી શક્યા નહિ હોય ? હા !........

२

## એક તિરસ્કાર.

### પોતાની અનંત શક્તિમાં મસ્ત બનેલા સ્વભાવ વિલાસી આત્માનું મોહ પ્રત્યે કથન.

" હે મોહરાજા દૂર થાઓ. તમારી મહારાજધાનીને ખંડ ખંડ કરી નાખવાની મ્હારી અનંત શક્તિ હું પ્રગટ કરું છું ! મ્હારી તે અગાધ શક્તિની પ્રચંડ આગમાં તમારો વૈભવ પલક માત્રમાં ભસ્મીભૂત થઇ જશે. કારણ કે સ્વભાવ રમણતા એજ હમારી વ્હાલી સ્ત્રી છે, અધ્યાત્મ ક્રીડા એજ હમારા અતીંદ્રિય આત્માને સંતોષ આપી શકે તેવો વિષય છે, અને અનુભવાનંદ તેજ હમારો ખરો આનંદરસ છે તે શિવાય હવે હમને ક્યાંઇ પણ રૂચિ થવાની નથી.

૩

## એક ભ્રાન્તિ.

### સંસારના ખુશામતિયા વ્યવહારથી કંટાળેલા આત્માના ઉદ્ગાર.

" અનાદિ કાળથી આત્મ ધન લુંટાવી બેઠેલ આત્મદરિદ્રી અથવા

નિર્ધન એવો હું તેમાં તે શું જોઇને અને શી આશાએ સ્ત્રી, પુત્ર, બંધુ, મિત્ર, નોકર, વિગેરે મ્હારી ખુશામત કરતા હશે? અથવા જો મ્હારામાં તેવો કાંઇ ચમત્કાર હોય તો હું બીજાની, બીજો ત્રીજાની, ને રાજાની, અને રાજા મહારાજાની એમ પરંપરા ખુશામતો કેમ ચાલતી હશે? અહાહાહા! ખુશામતે ખુશામત! “ અંધાઅંધ પુલાય ” આશ્ચર્ય! ભ્રાન્તિનું આ સામ્રાજ્ય તો જુઓ!

---

૪

## એક મહા આશ્ચર્ય.

કષાયોનો ખરે સ્થળે પ્રયોગ અજમાવવામાં પ્રમાદી આત્માનું દર્શન “જો આત્માને ક્રોધ થતો હોય તો અનાદિ કાળથી ભ્રમણ કરાવનાર કર્મરાય જેવા પ્રબળ શત્રુ ઉપર ક્રોધ કેમ ઉત્પન્ન થતો નથી? જો માન થતું હોય તો પોતાની અનંત આત્મશક્તિની ખુમારીનું માન કેમ પ્રગટ થતું નથી કે જેથી પુદ્ગલાદિક આગળ દૈન્ય ધારણ કરે છે? જો માયા પ્રગટ થતી હોય તો પોતાની જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ અનંત રિદ્ધિ ઉપર માયા કેમ પ્રગટ થતી નથી? અને જો લોભ થતો હોય તો જગત્ માત્રને ભ્રાન્તિમય માની હસી રહેલું સર્વ શ્રેષ્ઠ સિદ્ધિપદ જેવી મહા પદવીનો લોભ પણ કેમ થતો નથી? આવા ખરા ઠેકાણે કષાયોનો ઉપયોગ કરતો નથી છતાં જ્ઞાનીઓ તે આત્માને ક્રોધ માન માયા અને લોભમાં રચીપચી રહેલો ગણે છે! આતે કેવી ગડબડ, પૂર્વધર મહાત્માઓએ આ મહા આશ્ચર્યને અગીઆરમું આશ્ચર્ય કેમ નહિ ગણ્યું હોય?”

---

૫

## એક અશ્રુપાત.

વ્યાદરાજ લોકના જીવો જે કર્મની જાળમાં ફસેલા છે તેઓ પ્રત્યે મૈત્રી ભાવનાનો અશ્રુપાત.

“ હે કર્મરાય આ ત્હારી જાળ ખરેખર આશ્ચર્યભુત છે! કસાઇ ખાનામાં ગાયો, પારધીની જાળમાં માંછલાં, શિકારીના સપાટામાં સસલાં, એમ સર્વ સપડાયા પછી મહાદુઃખ માંની મૃત્યુ પામવાથી એક રીતે તો છુટે છે; પણ આ ત્હારી મહાજાળમાં સપડાયેલા વ્યાદરાજ લોકના જીવો અને-

કવાર ન્હારી જાળમાં અનાદિ કાળથી જન્મ મરણ કર્યાંજ કરે છે, પણ છુ-ટકો થતો નથી. છતાંયે પૂર્વોક્ત જીવો કસાઇ ખાનાં વિગેરેમાં સપડાઇ દુઃખ માને છે; ત્યારે તું તો ન્હારી જાળમાં જકડાયેલા ચૌદ રાજ લોકના જીવોને પસ્તાવો કરવા જાગવા પણ દેતો નથી! ઉંઘતાંજ ફસાવે છે! ઉલટા આ-નંદ પમાડી ભવાંતર ના ભવાંતર કરાવી તેઓનું સર્વસ્વ લુંટી લે છે! અફ-સોસ! અફસોસ! છે કોઇ હમારા આ મિત્રોને છોડાવનાર?

---

## આત્મ પ્રત્યે પ્રયત્ન પ્રેરક વચનો.

"આત્મદેવ! સમર્થ! સમર્થ! પ્રચંડ પાપી કર્મપારધીની જાળ-માંથી છુટવું હોય તો સપડાયા સમજી પ્રયત્નવાન થાઓ! જાળમાંને જાળમાં સામગ્રીઓ તૈયાર છે! શ્રી સર્વજ્ઞ પ્રણિત સ્યાદ્વાદ શૈલીએ સ્વસ્વરૂપ પ્રાપ્ત કરી સ્વભાવરૂપી પાંખો મેળવી પરભાવરૂપી જાળનાં બંધનો તોડી નાંખો! અક્ષય પદ સ્વાતંત્ર્ય ( મુક્તી ) મેળવો! લોકાગ્રમાં ઉડી જાઓ!

---

# અંતરાય ( વિઘ્ન )

( લેખક. દોશી મણીલાલ નથુભાઇ બી. એ. )

અંતરાય એ શબ્દનો અર્થ માર્ગમાં આવતી અડચણો–મુશ્કેલીઓ એવો થાય છે. બધા પુરૂષોને એક સરખા અંતરાય માર્ગમાં આવતા નથી. દરેક મનુષ્યનું સાધ્યબિંદુ જુદું હોય છે, અને તેથી તેના માર્ગમાં મળી આવતાં વિઘ્નો પણ જુદા જુદા પ્રકારનાં હોય છે. વસ્તુઓ અથવા બનાવો નમને અનુ-કૂળ નથી તેમ પ્રતિકૂળ પણ નથી. પણ અમુક મનુષ્યના માર્ગની અપેક્ષાએ અમુક સંજોગો અનુકૂળ ગણી શકાય, તેજ સંજોગો બીજા મનુષ્યને અંત-રાયરૂપ લાગે, એમ પણ બનવા જોગ છે.

આ બાબત સ્પષ્ટ રીતે સમજાય માટે અમુક દાખલો લેઇ ને તપાસીશું. જે સ્થળે કોઇ પણ મનુષ્યે પગ સરખો પણ ન મુક્યો હોય, તેવા પ્રદેશનો વિચાર કરો. ત્યાં પાંચભૂત ( પૃથ્વી, પાણી આકાશ, વાયુ અને તેજ)નું રાજ્ય સ્વેચ્છાએ ચાલી રહેલું હોય છે, ત્યાં આગળ ઉંચા પર્વતો આવેલા હોય છે, તેની બાજુએ વિશાળ વૃક્ષોની ઘટાવાળાં જંગલો માલુમ પડે છે, અને પ-

ર્વતોના ખાણુમાં થઈને આડો અવળો ઝરો વહે છે, જે છેક સમુદ્રને મળે છે. આ બધું તે પ્રદેશમાં સ્વાભાવિક રીતે માલુમ પડે છે. આવા પ્રદેશમાં પ્રથમ એક મનુષ્ય આવે છે. તે પુરુષ તે ઉજ્જડ પ્રદેશને રસાલ બનાવવા માગે છે, સુધરેલા દેશના લાભ તે પ્રદેશને મળે એમ તે અંતરથી ઇચ્છે છે, આ સર્વસારૂ એક દેશ અને બીજા દેશ વચ્ચે જવા આવવાના રસ્તાનાં સાધનો તૈયાર કરવાં જોઇએ, રેલ્વેઓ બાંધવી જોઇએ, તાર નાખવા જોઇએ. આવા મનુષ્યને પર્વતો, જંગલો અને ઝરાઓ અંતરાયરૂપ નીવડે છે. અને જો તેની ધારણા તેને પાર પાડવી હોય તો આ અંતરાયના સામા થવું જોઇએ અને તેમને વશ કરવા જોઇએ.

આ ચીજો અંતરાયરૂપ શાથી બની ? શું તે મનુષ્ય ત્યાં આવ્યો તે પહેલાં પર્વત ઝરાઓ અને જંગલો ત્યાં ન હતાં ? આ બધી ચીજો તે પ્રદેશમાં સ્વાભાવિક હતી. અને તે મનુષ્ય પણ બીજા સામાન્ય મનુષ્ય જેવો સ્વાભાવિક પ્રાણી હતો. તેની તેના જાતિભાઇઓના સુખ અને સુખનાં સાધનો વધારવાની ઇચ્છા પણ વખાણવા લાયક હતી. પણ **આ તેની ઇચ્છા બર લાવવામાં સ્વાભાવિક કારણો અંતરાયરૂપ નીવડયાં.** જ્યારે તેના હૃદયમાં તે પ્રદેશમાં સુધારો કરવાની ઇચ્છા ઉત્પન્ન થઇ ત્યારે અડચણો ઉભા થઇ. અને જ્યાં સુધી તે પ્રયત્ન ન કરે ત્યાં સુધી તે અડચણો દૂર પણ ન થઇ શકે.

આ નિયમ બાહ્યવિશ્વને તેમજ આંતરવિશ્વને એક સરખી રીતે લાગુ પડે છે. કોઇ પણ પ્રકારનું ફળ મેળવવા જે મનુષ્ય માગે છે, તેના માર્ગમાં અંતરાય આવવાનો એ બાબત નિશ્ચિત છે; જો તેનામાં જરા પણ દૃઢ ઇચ્છાબળ હશે તો જરૂર તેને માર્ગમાં અડચણ મળી આવશે.

જેમ જેમ આપણે જીંદગી પસાર કરતા જઇએ છીએ, તેમ તેમ આપણા માર્ગમાં વિઘ્નો આવતાં જાય છે. દરેક વિઘ્ન આપણને અમુક પ્રકારનો અનુભવ આપે છે, અને અનુભવના પગથીઆંપર પગ મુકી આપણે આગળ વધીએ છીએ. જો અમુક વસ્તુ પ્રાપ્ત કરવાની આપણી દૃઢ ઇચ્છા હોય, અને તે મેળવવાને જો આપણામાં દૃઢ મનોબળ હોય તો જરૂર આપણા માર્ગમાં વિઘ્નો આવવાનાં. આવું દરેક મનુષ્યના સંબંધમાં બને છે. માટે વિઘ્ન આવે જરા પણ ગભરાવાનું કારણ નથી. જે મનુષ્ય કાંઇ પણ મેળવવા માગતો નથી, તેને વિઘ્નો પણ આવતાં નથી.

આપણે ઉપર જાણી ગયા તેમ દરેક મનુષ્યને તેની ઇચ્છા પ્રમાણે

સ્વરૂપ પ્રમાણે જુદા જુદા અંતરાય નડવાના. દરેકને જુદી જુદી મુશ્કેલીઓ નડે છે.

આ કારણથીજ જ્યાં સુધી આપણે આપણી જાતને બીજાની સ્થિતિમાં ન મુકીએ ત્યાં સુધી તેને કેવા પ્રકારની અડચણો નડતી હશે, તેનો સંપૂર્ણ ખ્યાલ આપણે બાંધી શકીએ નહિ, અને જ્યાં સુધી આપણે આમ ન કરીએ ત્યાં સુધી બીજો મનુષ્ય શી ધારણાથી કામ કરે છે તેની પણ આપણને બરાબર ખબર પડે નહિ. અને તેથી તેના માર્ગમાં આવતી અડચણો દુર કરવાને જોઇતી મદદ આપી શકવા સમર્થ થઇએ નહિ આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે જેઓનો ઉદ્દેશ લક્ષ્યબિન્દુ—ધારણા સરખી હોય છે, તેઓ એક બીજાના આશયને બહુ સારી રીતે સમજી શકે છે અને પ્રયાણમાં એક બીજાને બહુ સારી મદદ કરી શકે છે.

આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે કોઇ બ્હારનો પ્રાણી આપણા માર્ગમાં વિઘ્ન નાખતો નથી. વિઘ્નો સ્વાભાવિક છે. અને તે વિઘ્નો જે પ્રમાણમાં આપણે ઓળંગી જઇએ તે પ્રમાણમાં આત્માની ગુપ્ત રહેલી શક્તિઓ પ્રકટ થતી જાય છે. જેમ જેમ વિઘ્નોનો નાશ કરવાને પોતાની શક્તિ વાપરવામાં આવે છે, તેમ તેમ તે વૃદ્ધિ પામતી જાય છે. આ સાથે એ પણ યાદ રાખવું જરૂરનું છે કે શક્તિનો ઉપયોગ કરાવનાર અંતરાયો જો માર્ગમાં ન હોય તો આત્મશક્તિનો કદાપિ ઉપયોગ પણ ન થાય અને તે પ્રકટ પણ ન થઇ શકે; અને શક્તિ વાપરવાથી વધતી હોવાથી એમ કહીએ કે આ અંતરાયો જરૂરના છે. તો તે પણ એક અપેક્ષાએ સત્ય છે.

જે મનુષ્યને મોટામાં મોટાં વિઘ્નો મળે છે, અને જે તેમનાપર પરાજય મેળવે છે, તેજ પુરા દૃઢ ચારિત્રવાળો બને છે. બેસી રહેવાથી શરીર કદાપિ ખીલતું નથી, પણ ડમ્બેલ્સ—મગદળીયા સાથે શરીરને કસવાથી તેના સ્નાયુઓ મજબૂત થાય છે. અને શરીર વૃદ્ધિ પામે છે.

આત્માનો સ્વભાવજ એવો છે કે તે ધારે તે કરી શકે. તેને વાસ્તે જરૂરનાં સાધનોમાં પ્રથમ બાબત દૃઢ નિશ્ચય અને બીજી બાબત સમય છે. જો તમે ધીરજવાન્ હો અને દૃઢ નિશ્ચયથી તમારા લક્ષ્યબિન્દુને વળગી રહેતા હો તો જરૂર તમે મનુષ્યથી જે સાધ્ય થઇ શકે તેવું સર્વ પ્રાપ્ત કરી શકશો. **નેપોલીયન** કહેતો હતો અશક્ય એ શબ્દને કોષમાંથી (ડીક્શનરીમાંથી) કાઢી નાખવો જોઇએ, **આર્કીમીડીસ** એટલે સુધી જણાવતો હતો કે " પૃથ્વીની બ્હારની પાસે એવું એક બિન્દુ મને આપો કે

જ્યાં હું મારી લાકડી ટેકવી શકું અને હું આખી પૃથ્વીને તે લાકડી ઉપર ઉપાડી શકીશ." તેજ રીતે આપણે પણ સત્ય રીતે કહી શકીએ "અમને વખત આપો અને દરેક બાબત **અમે** સાધ્ય કરી શકીશું" કાંઈ પણ આ જગતમાં અશક્ય નથી. ફક્ત આત્મામાં જે ગુપ્ત છે, તે પ્રકટ કરવાનું છે. કેવલજ્ઞાન પણ આત્મામાંજ રહેલું છે, અને તે પણ પ્રકટ કરી શકાય. જે મનુષ્ય આ નિયમને સમજે છે, અને સાધ્ય મેળવવાનાં યોગ્ય સાધનોનો ખંતથી ઉપયોગ કરે છે, તે વ્હેલો મોડો પોતાનું ધારેલું ફળ મેળવી શકે છે.

જો કોઇ માણસને શિક્ષક થવું હોય તો તરતજ તેવા માર્ગમાં અંતરાયો આવે છે, અને તે અંતરાય તેના સ્વાભાવિક અજ્ઞાનને લીધે ઉદ્દભવે છે. પણ શિક્ષકને યોગ્ય ગુણ મેળવવાની તેની ઇચ્છાથી અને આત્મામાં તે બાબતની રહેલી શક્તિથી અંતરાયોપર પરાજય તે મેળવે છે, અને તે સારો શિક્ષક નીવડે છે. આ નિયમ દરેક ધંધાને લાગુ પાડી શકાય.

આ સર્વને સારૂ વખતની જરૂર છે. કોઈ પણ ધંધામાં પ્રવીણ થવાને સમય કેટલો લાગશે તેનો આધાર અંતરાયના સ્વરૂપ ઉપર અને તેનામાં મળી આવતા આત્મબળ પર રહેલો છે. જેમ અંતરાય મોટા તેમ સમય વધારે લાગે. અને જે પ્રમાણમાં આત્મબળ તેનામાં વધારે હોય તે પ્રમાણમાં સમય ઓછો લાગે છે.

અડચણોથી દૂર નાસી જવાથી અથવા તેમને આગળ ઉપર મુલતવી રાખવાથી અડચણો પર કદાપિ જય મેળવી શકાય નહિ. પણ તેમના સામા થવાથી અને આપણા જ્ઞાન પ્રમાણે જણાતાં યોગ્ય માર્ગથી દરેક વખતે થોડા થોડા તેનાપર જય મેળવવાથી આખરે ભારેમાં ભારે અંતરાય પણ ઓળંઘી શકાય છે.

જેમ ભણવાનો કોઇ સરલ માર્ગ નથી, તેમ આત્મશક્તિ પ્રકટ કરવાનો અને અંતરાયો પર જય મેળવવાનો કોઇ સરલ માર્ગ નથી. ધન આપવાથી કે કોઈની ખુશામત કરવાથી આ કામ બની શકે તેમ નથી. તેને વાસ્તે ધીરજ રાખી કાર્ય કરવું જોઇએ. એકજ પ્રયત્નથી બધી અડચણો એકદમ દૂર થઈ શકે નહિ. લાકડીનો ભારો ગમે તેવા સખ્ત પ્રયત્નથી પણ કોઈ ભાગી શકે નહિ. દરેક લાકડી છુટી પાડવાથી તે ઝટ ભાગી શકાય છે, તેજ રીતે બધા અંતરાયોના સામા એકદમ થઇ શકાય નહિ, તેમ તે સઘળાનો એકદમ વિનાશ પણ ન કરી શકાય. માટે એક એક અંતરાયના સામા થવા પ્રથમ પ્રયત્ન કરો. વિઘ્નના સામા થવાથી અને તેનાપર જય

મેળવવાથી આત્મશક્તિ વિશેષ વિશેષ ખીલતી જાય છે, અને આથી આત્મશક્તિમાં વિશેષ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

કેટલીકવાર ભારે મુશીબતો નજરે પડે તો તેથી જરા પણ હિમ્મત હારવી નહિ. આગળમાર્ગ અંધકારથી ઢંકાયેલો માલૂમ પડે તો તેથી પણ જરા ગભરાવું નહીં પણ યોગ્ય સાધનથી આગળ વધવું. આગળ વધતાં તેની આગળનું પગલું સ્વયમેવ જણાઇ આવશે. શ્રી શત્રુંજય પર્વતનું શિખર તલેટીએથી દૃષ્ટિએ ન પડે તો તેથી આપણે હિમ્મત હારી જતા નથી કે ગભરાતા નથી, પણ ધીમે ધીમે ઉંચે ચઢીએ છીએ. ઉંચે ચઢતાં આગળનો માર્ગ તેની મેળે જણાઇ આવે છે. માટે પોતાના સમીપ દેખાતા અંતરાય ઉપર પ્રથમ પરાજય મેળવો એટલે મોટી કસોટીઓમાંથી પસાર થવાને તમે લાયક બનતા જશો

જેટલા બાહ્યજગતમાં અંતરાય યા વિઘ્નો નડી આવે છે તેના કરતાં વિશેષ મહત્વના અંતરાય આંતર ઉચ્ચજીવન ગાળવાને પ્રયત્ન કરનારના અનુભવમાં આવે છે. તે અંતરાય અદૃશ્ય છતાં બહુજ પ્રબળ હોય છે. તેવા શત્રુપર પરાજય મેળવવાનું કામ સુગમ નથી. તેવા શત્રુપર જય મેળવનારને જગત્ માન આપતું નથી. છતાં આંતર્ શત્રુઓનો પરાજય જગતની કીર્તિ કે માન ખાતર કરવાનું નથી, પણ આત્માની શક્તિઓના પ્રકાશમાં તે અડચણરૂપ હોવાથી તેમનો નાશ કરવો જોઇએ. અને જેનું લક્ષ્ય આત્મશક્તિનો પ્રકાશ કરવાનું હોય છે, તેજ મનુષ્ય આવો પ્રયત્ન આરંભે છે. અંદરના માનસિક શત્રુઓ ઉપર જય મેળવવાથી તેને જે આનંદ થાય છે તે અવર્ણનીય છે. કવિ **ભાર**વી **કીરાતાર્જુ**નીયમાં લખે છે કેઃ—

મનની અંદર ઉત્પન્ન થતા દુર્જય શત્રુઓ—દુષ્ટ મનો વિકારો—કામ, ક્રોધ, મોહ, લોભ, માન રાગદ્વેષ વગેરે—સાથે બહાદુરીથી અને માણુસાઇથી લડવું જોઇએ; જે તેમનો પરાજય મેળવે છે, તે ત્રણ જગતના જીતનાર તુલ્ય છે. માટે આત્મશક્તિમાં વિશ્વાસ રાખી ધૈર્યથી દરેક મનુષ્યે આ અંતરાયોપર જીત મેળવવા પ્રયત્નશાળી થવું. હજારો શત્રુઓ જીતવા કરતાં એક અંતર્શત્રુને જીતવો તે દુષ્કર કામ છે, જે તેને જીતે છે તેવા જીનને હજારોવાર નમસ્કાર હો !

# અથ શ્રી સોમ સોભાગ્ય કાવ્યના ગુજરાતી ભાષાંતરના સંબંધમાં કેટલાક વિચાર.

( લેખક રા. રા. શાહ. ગીરધરલાલ હીરાભાઈ )

૮ વળી અષ્ટાપદનું દેહરૂં દક્ષિણ દીશામાંજ છે અને એ બંને દેહરાંના વચમાં દક્ષિણનો દરવાજો છે.

આ અષ્ટાપદના દેહરામાં બધી પુરી મુર્તિઓ નથી. અંદર નંદીશ્વર દ્વીપનો પણ ભાવ છે.

૯ પશ્ચીમ અને દક્ષિણના વચ્ચેના ખુણામાં દેહરા અંદર અભિનંદન અને મહાવીર સ્વામીની મુર્તિઓ છે. મુળ ગભારે ચોમુખજી છે. તે ઉપર બે માળ બીજા ચોમુખજીના છે.

દક્ષિણ દીશામાં જે અષ્ટાપદનું દહેરૂં કહ્યું તે ઉપર પાછું દેહરૂં છે. ઉત્તર દીશામાં વીશ વેહરમાન વિગેરેનું દહેરૂં કહ્યું તે ઉપર સમોસરણનું દેહરૂં છે. તેમાં કારણી કામ ઘણું સરસ છે. અમદાવાદ નજીક ઉસમાપુરના રહેનાર બેનાશાએ સંવત્ ૧૬૪૭ અને સંવત ૧૬૫૧ માં ઉત્તર દીશાના દરવાજા આગળના બે મંડપ કરાવ્યા હતા. તેમાં એક મંડપ મેઘનાદજીના છે. તે ઘણો સરસ છે. અમદાવાદમાં ખાનપર અને શાહપુરના આરાઓ વચ્ચે સાબરમતી નદીના સામા કાંઠે જે ઉસમાપુર છે, તેજ ઉપર બતાવેલ ઉસમાપુર છે. એ બંને મંડપો કરાવતાં આશરે પાંચ દશ લાખ રૂપિઆ થયા હશે એમ લાગે છે.

પશ્ચિમ દીશાના દરવાજાના માળ ઉપર મશીદનો આકાર કરેલો છે, તે મુસલમાનો વીઘ્ન કર્તા ન થાય તે માટે કરેલો લાગે છે.

ઉપર વર્ણન કરેલ મોટાં દહેરાં તથા સંઘને ઉતરવાની ધર્મશાળા છે. તેના નજીક ખરતર ગચ્છનું દેહરૂં છે, તે પાર્શ્વનાથ સ્વામીનું છે. એ દેહરામાં પેસતાં મંડપમાં જમણી બાજુ રીખવદેવ સ્વામીની પ્રતિમા છે. તેના પરઘર ઉપર સંવત ૧૫૧૦૦ નો લેખ છે, તે ચુક જણાય છે. એક મીંડું જાદે થયેલું લાગે છે. આ દેહરાની બાહાર દેહરા ફરતાં પુતલીયાં કોરેલાં છે. તેથી તેને પાતરનું દેહરૂં કહે છે, તે પણ ભુલ છે. આ દેહરાથી જરા છેટે નેમનાથ સ્વામીનું દેહરૂં છે તેમાં લેખ નથી. અને તેને પુનમીયા ગચ્છનું દેહરૂં કહે છે. આ બંને દેહરાં ધનાસાવાળું દેહરૂં થયા પછી બંધાયેલાં લાગે

છે. ધનાસાવાળું દેહરું બાંધનાર મુખ્ય કારીગર સોમપરાગનતનો સલાટ દીપો નામે હતો. સિદ્ધપુર પાસે લાલપર ગામનો રહેનાર તે હતો. ધનાસાએ દેહરું બાંધવાને ઘણા કારીગરો એકઠા કરેલા હતા, પણ પોતાને મન ગમતું દેહરું બાંધે એવો કારીગર તેમને નહિ જણાયાથી ઉપર કહેલ દીપાનું નામ તેમને કોઈએ સૂચવેલું; અને એ દીપાને તેડાવ્યાથી તેણે નકશો કરી શેઠને બતાવેલો, તે તેમને પસંદ પડ્યો હતો. દીપો પ્રસિદ્ધ કારીગર ન્હોતો, પણ ધનાસાએ તેને જ્યારે પસંદ કર્યો ત્યારે બીજા એકઠા થયેલા કારીગરોએ તેની હાંસી કરી હતી. એવું કહેવાય છે કે દીપાને કોઈ દેવનો હાથો હતો અને તેના પ્રભાવથી તેણે દેહરાનો નકશો કરીને ધનાસાને બતાવ્યો હતો. ગમે તેમ હશે, પણ દીપાની બુદ્ધિ અને કળા, દેહરાંની બાંધણી જોતાં અણહદ જણાય છે. આ દેહરામાં મૂળગભારે પ્રભુનીપલાંઠી નીચે લેખ સંવત ૧૪૯૮ નો છે, તે મને સમજાય તેવું નથી. પ્રતિષ્ઠા સંવત્ ૧૪૯૬ માં થઈ હતી, તેથી તેજ સાલનો લેખ પલાંઠી નીચે હોવો જોઈએ. એવો રીવાજ છે. ત્યારે બેવર્ષ પછીનો લેખ કેમ થયો હશે તે વિચારવા જેવું છે. વળી ગભારામાં બીજી પ્રતિમાઓનીપલાંઠી નીચે સંવત સોળસે અને સત્તરસે વચ્ચેની સાલોના લેખો છે, તેનું કારણ મને એવું કહેવામાં આવ્યું હતું કે પ્રથમની પ્રતિમાઓ ખંડિત થવાથી તે બેસેડી નવી પધરાવેલી તેથી તેવા લેખો થયા હશે.

સંવત ૧૯૪૧ માં મેં રાણકપુરજીની જાત્રા કરી ત્યારે ત્યાં ભંડારીનું કામ કરનાર સલાટ ખુમાતુળશી હતો. તેણે મને બધે ફરીને દેહરું બતાવ્યું હતું. વળી તેણે મને દેહરાંનો નકશો પણ કરી આપ્યો હતો. તે ઉપરથી ઓઈલપેપર ઉપર મેં નકલ કરાવેલી મારી પાસે હજુ પણ છે.

જે સમયે આ દેહરું થયું તે સમયે રાણકપુર સારું આબાદ શહેર હોવું જોઈએ, એવું મારું અનુમાન હતું, તે આ સોમ સૌભાગ્ય કાવ્યથી ખરું ઠરે છે. રાસમાળામાં પાને ૨૭૧-માં આ દેહરું ઈ. સ. ૧૪૪૦ માં થયાનું બતાવ્યું છે. વળી ટોડ સાહેબ તેમના રાજસ્થાનના ઇતિહાસમાં પાને ૭૦૨ માં લખે છે કે આ દેહરું સને ૧૪૩૮ માં બાંધવા માંડ્યું હતું, અને જાહેર ઉઘરાણું કરીને, તે પૂરું કર્યું હતું. વખતે દેહરાંના મંડપો વિગેરે અધુરા રહેલા હોય તો પાછળી કહ્યા મુજબ ઉસમાપુરના શાહુકારે તેમ બીજાઓએ પણ તે પૂરા કર્યા હોય તો અસંભવીત નથી. આ જગ્યાએ મારે નોંધી રાખવું જોઈએ કે આ દેહરાંની જાત્રા મેં ફરી સંવત ૧૯૫૯ માં ફરી

ત્યારે દેહરાંમાં ઘણે ઠેકાણે મરામત કરવાની જરૂર જણાઇ હતી; તે આજ સુધીમાં ના થઇ હોય તો લાગતા વળગતાએ અગર બીજા ઉદાર ગૃહસ્થોએ તે સંબંધમાં પોતાથી બનતું કરવું જોઇએ છે.

ભાવનગરપ્રાચીનશોધસંગ્રહ ભાગ ૧ નામે પુસ્તક, ભાવનગર દરબારે સંવત ૧૯૪૨ સને ૧૮૮૬ માં છપાવેલું છે, તેમાં રાણકપુરના દેહરાંના લેખની નકલ આબેહુબ અને તેનું ભાષાંતર વિગેરે છે, તે મેં વાંચેલું છે. એ લેખ સંવત ૧૪૯૬ નો છે. તેમાં મેવાડના ઘણા રાજાઓનાં નામો આપેલાં છે. તેમાં "લક્ષ" અને તેમના પછી થયેલ "મોકલ" રાણાના પણ નામો દેખાય છે. એ બંને રાજ્ય કર્તાઓ વિષે મેં પાછળ લખેલું છે. તેને આથી પુષ્ટી મળે છે. વળી એ લેખમાંથી બીજી હકીકત નીકળે છે, તે પૈકીની કેટલીક આવી મતલબની છે:—કુંભકર્ણ (કુંભારાણા) ના રાજ્ય સમયે રીખવદેવ પ્રભુનું ચોમુખજીનું ત્રલોકયદીપક દેહરું બંધાવ્યું,—ધનાસા ઉપર તે રાજાની મેહેરબાની હતી—પોરવાડ વંશમાં ધનાસા ભૂષણરૂપ હતા—તેમના બાપનું નામ સંઘવી કુરપાલ સાંગણ હતુ—અને માનું નામ કામલદેવી હતું—ધનાસા વિનયી—વિવેકી—ધીરજવાન—ઉદાર અને સારા સ્વભાવના હતા—તેમણે ગુણરાજ શેઠના સંઘ ભેગાં શેત્રુંજા વિગેરે તિર્થોની જાત્રા કરી હતી—અને એ ગુણરાજને અહમદ સુલતાનનો આશરો મળ્યો હતો—રાણપુરનું દેવળ બાંધતાં પહેલાં ધનાસાએ અજાહ પીંડવાડા—અને સાલેરા આદિ ઘણાં સ્થાનોમાં નવીન જૈન મંદીર તથા જીર્ણોદ્ધાર અને પગશાળાઓની સ્થાપનાઓ કરી હતી—તેમજ દુકાળ વિગેરેના વખતમાં સદાવ્રતો તથા નાના પ્રકારના પરોપકાર અને સંઘનો સત્કાર તેમણે કર્યો હતો—તેમના મોટાભાઇ રત્નાસા વિગેરે પરીવારના નામો અને પ્રતિષ્ઠા કરનાર શ્રી સોમસુંદરસૂરિ વિગેરેનાં નામો તથા દેહરું બાંધનાર સલાટ દીપાનું નામ પણ તેમાં છે.

કાવ્યમાં દેહરાંનું—ધનાસાનું અને તેમણે જે ઓચ્છવો કર્યા તેનું વર્ણન ટુંકામાં પણ યથાસ્થિત કરેલું છે. અને ઉપર મેં જે હકીકત લખી છે, તેથી તેને પુષ્ટી મળતાં આપણા કવીએ મન કલ્પીત નથી લખ્યું તેની ખાત્રી આપે છે.

કુંભોરાણો સંવત ૧૪૭૫ (સને ૧૪૧૯) માં ગાદીએ બેઠો અને સંવત ૧૫૨૫ (સને ૧૪૬૯) માં તેનું ખુન થયું હતું. જે સાલમાં રાણપુરના દેહરાંમાં પ્રતિષ્ઠા થઇ તે સાલમાં માળવા અને ગુજરાતના સુલતા-

નોએ એકસંપ કરીને મેવાડ ઉપર ચઢાઇ કરી હતી. તેથી કુંભારાણાએ એક લાખ ઘોડેસ્વાર તથા પાયદળ અને ૧૪૦૦ હાથીનું લશ્કર એકઠું કરી મેવાડની સરહદ અને માળવાના મેદાનમાં તે બંનેને હરાવ્યા હતા; અને માળવાના ગીલજીસુલતાનને પકડીને મેવાડમાં તે લાવ્યો હતો. ( જુઓ ટોડ રાજસ્થાન પાને ૩૦૦ થી ૩૦૪ ).

નવમા સર્ગમાં જે ચીત્રકુટ કહેલું છે તે ચીતોડ ગઢ છે, અને તે મેવાડની રાજધાની હતી. અકબર બાદશાહે તેનો નાશ કર્યો, ત્યાંસુધી તે રાજધાની કાયમ હતી, ત્યાર પછી ઉદેપુર શહેર અસ્તિમાં આવ્યું હતું. અને તે રાજધાનીનું નગર થયું હતું તે આજ પણ કાયમ છે.

વળી આ નવમા સર્ગમાં, કોશલ પાટકપુર, સુંદર બંદર, મુજિગનગર, પતનનગર, પચવારક દેશનાં નામ આવે છે, પણ તે ઓળખાવવાને મને કાંઇ આધાર મળ્યો નથી. સુરગીરી અથવા દેવગીરીશહેર આસર્ગમાં કહેલું છે, તે દક્ષીણમાં દોલતાબાદશહેરના નામથી જે નગર ચાલુ થયેલું છે, તેજ એ સુરગીરી કે દેવગીરીનગર હતું એમ લાગે છે.

હવે દસમા સર્ગ વિષે—આમાં રોહિણીનગર અને દક્ષિણમાં ચલાટ પલ્લીનગરી લખેલ છે, તે કયાં હતાં તે નક્કી કરવાનું સાધન મને જણાયું નથી. જીર્ણદુર્ગશહેર જે કહેલું છે. તે હાલનું જુનાગઢ છે.

---

# “ ઉચ્ચ આદર્શ ” ( HIGH IDEAL)

( લેખક. માસ્તર ભોગીલાલ મગનલાલ શાહ. ગોધાવી )

આધુનિકજમાનામાં વૈભવ, સુખ (વિલાસ) નાં સાધનો દિનપ્રતિદિન વૃદ્ધિ પામતાં હોવાથી અને તેને લીધે સ્વાર્થપરાયણતા પણ વૃદ્ધિંગત થતી હોવાથી લોકો વિશેષ ભૌતિક અને સ્થુલઇંદ્રિયવિષયકસુખો પ્રાપ્ત કરવામાં આતુર બને એ સંભવિત છે. પૂર્વકાળના લોકોસાથે આધુનિક સમયના લોકોનું જીવન સરખાવતાં દિનપ્રતિદિન પ્રવૃત્તિનું બળ વિશેષ દૃષ્ટિગોચર થતુ જાય છે. પરંતુ સઘળી દોડદોડપ્રતિ દૃષ્ટિ કરતાં તેનું કેન્દ્ર સ્વાર્થલુબ્ધતામાંજ સમાયેલું સિદ્ધ થાય છે. જેમને સ્વાર્થદૃષ્ટિવાળા અને તેથી વ્યવહાર કુશળ નરીકે લોકો ઓળખે છે તેઓ તો વાસ્તવે સ્થુલ અને ભૌતિક વિષયના સુખોપભોગરૂપ લક્ષ્ય વા પ્રયોજનમાંજ એકતાન ( concentrated ) બનેલા દીસે છે. સ્વાર્થ અને સ્વકિયસુખ એજ તેમનું દૃષ્ટિબિન્દુ છે.

નમ્રતા, સહૃદયતા, સત્ય આદિ શિષ્ટ ભાવના વા આચાર પત્યેનો તેમનો પ્રેમ નિર્મૂળ અને નહિવત્- થયો હોય છે. તેમના હૃદયમાં સ્વાર્થ સિવાય અન્ય કોઈપણ લાગણી ઉદ્દ્ભવતી નથી. દયા, પરોપકાર અને સત્ય પ્રત્યે તીવ્ર અનુરાગ આદિગુણોથી અલંકૃત શિષ્ટપુરૂષોને વા સદ્દજ્ઞાનવડે જેમનાં હૃદય રસજ્ઞ થયેલાં છે, પરંતુ ભૌતિક પુરૂષો જેમને માત્ર કાલ્પનિક જીવન ગાળનારા લખે છે તેવા ઇશ્વરના અંશ સમાન પવિત્ર ગુણોવાળા મનુષ્યો અથવા જેઓ પવિત્ર યશ પ્રાપ્ત કરી પોતાનું અલ્પ જીવન પાવન કરી નામ અમર કરવાની મહત્વાકાંક્ષા ધરાવે છે, તેવા મનુષ્યોને બાદ કરીએ તો પ્રજાવર્ગનો મોટો ભાગ સ્વાર્થલુબ્ધ દીસે છે. તેઓનો પ્રેમ પિંડ પોષવામાં અને જ્યાં ત્યાં સ્વાર્થ સાધવામાંજ સમાયેલો હોય છે. તેઓ સ્વાર્થ ખાતર નીચ વા ઉચ્ચ કોઇપણ મનુષ્યની ખુશામત કરવા નિશદિન તત્પર રહે છે, પરંતુ તેમની એક પણ લાગણી વૃદ્ધ, રોગી, લાચાર અને સંકટમાં આવી પડેલા તથા શોકરૂપીઅગ્નિથી પ્રજ્વલતા મનુષ્યના હૃદયને સાંત્વન આપવામાં જતી નથી, તો પછી તેમનાં દુઃખ દૂરકરવાનું તો કયાં રહ્યું ! આ પ્રમાણે એક તરફ સ્વાર્થ સાધવામાં તેમની ઉત્કટ અને તીવ્ર કાળજી છતાં પણ બીજી તરફ આત્મિય સુખોપભોગ—વિલાસમાં તેમજ દિનદિન વિશેષ વૃદ્ધિગત થતી સુખની વસ્તુઓ પ્રાપ્ત કરવામાં અને તેની પરિતૃપ્તીથી વિશેષ વધતી તેમની વાસનાઓને પોષવામાં તેમનું અતિશ્રમે પ્રાપ્ત કરેલું દ્રવ્ય, અને તેમનો અનિ ઉપયોગી સમય એવી તો ઉદારતાથી ખર્ચાય છે કે તેનો વિચાર કરતાં તેમની ઉક્ત કાલજી માટે દરેક મનુષ્યને આશ્ચર્ય લાગે, ત્યારે આ પરથી સ્વાર્થની મોહિની દુનીઆમાં કાંઇ ઓર પ્રકારની જણાય છે. સર્વ કોઈ સ્વાર્થને લીધેજ કાર્યમાં જોડાય છે. દરેક મનુષ્ય સ્વાર્થને લીધેજ ઉદ્યમ કરે છે. સ્વાર્થ ન હોત તો આદુનીઆ પરમસંતોષનું ધામ બની રહેત; અને ઉદ્યોગની પ્રવૃત્તિ દષ્ટિએ ન પડત ? છતાં આપણે ભૂલવું ન જોઇએ કે ભૌતિક મનુષ્યમાં સ્વાર્થનું વિશેષ પ્રાબલ્ય જણાય છે. એકંદરે દીર્ધદષ્ટિથી વિચારતાં કુદરતમાં પરોપકાર દષ્ટિએ પડે છે. કુદરતની સર્વે વસ્તુઓનો પરસ્પરનો સંબંધ વિચારતાં પરમાર્થ સિદ્ધ થઈ શકે છે. પરસ્પરની સાહાય્ય વિના મનુષ્ય જીવન ચાલી શકે નહિ. પારમાર્થિક પુરૂષોનીદષ્ટિ બહુ વિશાળ અને ઉમદા હોઈ તેમાં ઉત્તમતાના સર્વેગુણો રહી શકે છે. એથી ઉલટું સ્વાર્થપરાયણ મનુષ્યના વિચારો બહુજ સાંકડા અને સંરક્ષક ( conservative ) હોય છે. તેનું દષ્ટિબિન્દુ સ્વ—અર્થ—હેતુ સાધવામાંજ સમાયેલું હોય છે. એવા મનુષ્યના લીધેજ આ જગતને બહુ સહન કરવું પડે છે. તેઓ અન્ય કોઈપણ મનુષ્યને

આધાર આપી શકતા નથી પરંતુ અન્યના ઉપર આધાર રાખે છે. અન્યના વ્યાજથી હકને પચાવી પડે છે. આથીજ કહેલું છે કે—

**अयं निजः परोवेत्ति गणना लघु चेतसाम् ।**
**उदार चरितानां तु वसुधैव कुटुम्बकम् ॥**

( અમુક મારૂં અને અમુક બીજાનનું એવો વિચાર ક્ષુદ્ર–હલકામનવાળો મનુષ્ય કરે છે, પરંતુ ઉદાર પુરૂષો તો આખી વસુધાને પોતાના કુટુમ્બ તુલ્ય માને છે. )

સ્વાર્થીમનુષ્યોમાં સત્યાસત્યના નિર્ણયની શક્તિ બહેર મારી જાય છે. તેઓ સ્વાર્થને લઈને સત્ય વસ્તુને અસત્ય તરીકે અને અસત્યને સત્ય તરીકે ગણે છે. આથી ધર્મ, અધર્મ, પાપ, પુન્ય આદિની તેમજ કર્તવ્ય, અકર્તવ્યની હૃદયની આજ્ઞા નિર્બળ થતી જાય છે, અને તેની શક્તિ ઘટે છે. સ્વાર્થાંધતા વધવાથી મનુષ્ય વ્યવહારમાં પણ વિજયી થતો નથી. સ્વાર્થી મનુષ્યને કોઈ-પણ સાહાય્ય કરતું નથી. તેનાપર કોઈપણ મનુષ્યનો પ્રેમ ઉત્પન્ન થતો નથી. ફક્ત ભોળાં મનુષ્યોને પોતાની કપટજાળમાં ફસાવવામાં તેઓ વિજયી થાય છે. એથી ઉલટું તેઓ સ્વાર્થના લોભમાં મંત્ર જંત્ર જાણનારા જાદુગરોના ભોગ થઈ પડે છે.

વાસ્તવે સ્વાર્થ આ દુનિઆમાં સર્વે મનુષ્યોને હોય છે. અને તેનું તો અનાયાસે પણ રક્ષણ થાય છે. જો મનુષ્ય સ્વાર્થમાં અતિ કાળજી ન રાખે તોપણ તે પોતાના સ્વાર્થને સાચવી શકે છે. એથી ઉલટું કોઈ સમયે સ્વાર્થનો પરિત્યાગ વ્યવહારમાં પણ બહુજ ઉપયુક્ત ગણાય છે. સ્વ–અર્થ–લાભની નિષ્ઠાનો નિગ્રહ કરવાથી મનુષ્ય મહાભારત કામ કરી શકે છે. ઇતિહાસમાંના દૃષ્ટાંતો વાંચતાં એ સહજ સમજાય તેમ છે કે સ્વાર્થલુબ્ધતાથી સામ્રાજ્યોના નાશરૂપ પરિણામો ઉદ્ભવેલાં છે. આથી ઐહિક તેમજ આમુષ્મિક ઉન્નત જીવનનો વિચાર કરતાં સ્વાર્થનિગ્રહની આવશ્યકતા સિદ્ધ થાય છે. મનુષ્યે ઉન્નત વિચાર–આશય રાખવો જોઈએ. ગમે તેવી સ્થિતિમાં હોય પરંતુ ઉચ્ચ–આશય રાખી શકે છે, અને તે સ્થિતિમાં ઉચ્ચ આશય એ અ-નહદ આનંદ ભોગવવાનું સાધન અને એક મહાન્ આશીર્વાદ રૂપછે. ઉચ્ચ આશય વિષે લખતાં હર્બર્ટ નામના વિદ્વાન લખે છે કે

"Pitch thy behavior low, thy projects high
So shall thou humble & magnanimous be

Sink not in spirit; who aimeth at the sky
Shoots higher much than he that aimeth at the tree

"તારી રીતભાત બહુ સાદી રાખ. પરંતુ તું તારો ઉદ્દેશ ઉચ્ચ રાખ, કે જેથી તું નમ્ર અને ઉદાર થઇ શકીશ; કારણ કે જે મનુષ્ય આકાશને તાકીને ઘા કરે છે તેનો ઘા વૃક્ષ સુધી પણ પહોંચી શકે છે," સ્થુલસુખોની પરિતૃપ્તીમાંજ વા તેનીજ ભાવનામાં જીવનની પરિસમાપ્તી માનવી એના જેવું મનુષ્ય જન્મને અફળ ગુમાવવારૂપ બીજું કોઇ પણ મૂર્ખાઇનું કૃત્ય નથી. તે મનુષ્યનું જીવન કોઇને પણ આનંદનું કારણ થઇ પડતું નથી. તેવા મનુષ્યોનો સત્ય વસ્તુ પ્રત્યેનો પ્રેમ અને સહૃદયતા એવાં તો નિર્બળ અને નિર્માલ્ય થઇ રહે છે તે ઉન્નમતાના નમુનારૂપ. સ્થુળ વિષયસુખ સ્વાર્થનો પરિત્યાગ કરનાર સત્પુરૂષો સાધુપુરૂષોનાં જનકલ્યાણનાં કોઇ પણ કાર્યમાં તેમની સહાનુભૂતિ મળતી નથી. જેમ સેનાપતિની આજ્ઞાનું પાલન સૈનિકોને વિજયને અભિમુખ કરે છે, તેમ પૂર્વોક્ત સત્પુરૂષોના જનકલ્યાણનાં કાર્યની પ્રશંસા, કદર અને સહાનુભૂતિ તે કાર્યની સાધક થાય છે. ઉદારતા એ ઇશ્વરી અંશ છે. મારૂં મન એ સર્વ કોઇનો ગુણ હોવો જોઇએ. સ્વાર્થ સર્વ કોઇને હોય છે. સ્થુળસુખો આજગતનાં સર્વ પ્રાણીઓને ન્યૂનાધિક અંશે રહેલાં છે. પરંતુ તેમનાં પ્રત્યે જેમ વિશેષ અભાવ અને ઉત્તમ ભાવના અને ગુણો પ્રતિ જેમ અધિકતર પ્રીતિ, સન્માન અને આદર તેમ મનુષ્ય ઉચ્ચકોટિમાં મૂકાય છે, અને જગતને ઉપયોગી અને સહાયક થઇ પડે છે. મહત્વાકાંક્ષાનો ગુણ ઉત્તમ છે, કારણ કે સ્થુલસુખોપ્રતિ નિર્લોભ અને નિર્મોહદષ્ટિ થયા વિના મહત્વાકાંક્ષી થવાતું નથી.

રે ભૌતિક મનુષ્યો ! ખાનપાનની જીહ્વા લોલુપ્ય વધારનાર, વસ્તુઓમાં આનંદ માની, વા આંખને આહ્લાદ આપનાર સારાં સુશોભિત વસ્ત્રો પહેરી, તું પિંડપોષી ન થા ! તારૂં જીવનસુક્ષ્ સ્વાત્મસંતોષ અને તેને ઉત્તેજક ભૌતિક વિષયોથી જુદા પ્રકારનું છે.

તારા માનવ બંધુઓ રે ! જ્ઞાતિબંધુઓની અજ્ઞાન અવસ્થા, રંક અવસ્થા, દુઃખ દારિદ્રય દૂર કરવામાં તારૂં દ્રવ્ય ખરચ ! તેમને આશ્વાસન આપવામાં તારા સમય અને બુદ્ધિ ચાતુર્યનો સદુપયોગ કર ! યુક્તિપ્રયુક્તિથી ખુશામતવડે ધનિકો અને ભોળા મનુષ્યોની આંખો આંજી તેમના દ્રવ્યને અરપણ કરી સ્વાર્થ પરિતૃપ્ત કરવામાં સંતુષ્ટ ન થા ! જે દ્રવ્ય માટે તું અતિ મોહ ધરાવે છે, જગતને વાક્જાળ અને જાળપ્રપંચથી ઠગી તું સ્વાર્થ સાધે છે તે દ્રવ્ય પણ નાશવંત હોઇ અત્ર પડ્યું રહેવાનું છે, તો મિથ્યા આત્મિક વિનિપાતનો માર્ગ

ન શોધ ! તેં ધારેલી સર્વ વસ્તુઓથી પર એવો તારો આત્મા છે, તેની ઉન્નતિ માટે સતત યત્ન કર ! તેનેજ તારૂં ખરૂં અને વાસ્તવિક દ્રવ્ય સમજ ! ક્ષુદ્રવાસના અને સુખોપભોગનો નિગ્રહ કરી, જનકલ્યાણની બાબતોમાં આનંદ માન ! તેથી તું વ્યવહારમાં પણ ઉજ્વળ કીર્તિ મેળવશે, અને મૃત્યુ પાછળ પણ તું તારો કીર્તિચિહ્ન મૂકવા શક્તિમાન થઇશ ! 'વાસ્તવ કીર્તિ શાંત આત્મનિગ્રહથી જ પ્રાપ્ત થઈ શકે છે. અને તે સિવાય સર્વ પ્રકારનો ઐહિકવિજય મનુષ્યને પાશવવૃત્તિની ગુલામગીરીની ધુરામાંથી મુક્ત કરી શકતો નથી. આત્મનિગ્રહથીજ પરાર્થનો વિકાસ થાય છે. આથીજ મનુષ્યે સાદું જીવન ગાળવાની જરૂર છે. Plain living & high thinking સાદું જીવન અને ઉચ્ચ વિચાર એ મનુષ્યનો મુદ્રાલેખ હોવો જોઇએ. સાદી રીતભાત વિના હૃદયમાં ઉચ્ચ વિચારનો સંચાર યથેચ્છ રીતે થઈ શકતો નથી.

જે મનુષ્ય સ્વાર્થ અને ક્ષુદ્ર સુખમાં એકાગ્ર રહે છે તે એવો તો સ્વાર્થાંધ થાય છે કે શાસ્ત્રની આજ્ઞા કે અન્ય કોઇપણ પ્રકારના નીતિના ફરમાનો વા ઉપદેશ તેને અસર કરી શકતાં નથી. તેનામાં સુજનતા, સત્ય, પ્રમાણિકપણાદિના ગુણો દષ્ટિએ પડતા નથી. ઐહિક જીવનના અમુલ્ય આનંદના પ્રસંગો તે ગુમાવે છે અને નિશદિન ચિંતાતુર રહે છે. રે મનુષ્ય જીવનનો સમય અલ્પ છે, તો તેને કઠોર અને શોકપ્રદ બનાવવાને બદલે આનંદી અને સરળ બનાવ ! સ્વાર્થની ધુનમાં ચિંતાતુર ન રહેતાં, ઉદારતા, પરોપકાર, સત્ય, સુજનતાદિના ઉન્નત ગુણોથી પરમસુખ અનુભવવાનો પ્રસંગ પ્રાપ્તકર ! દલપતરામ કહે છે કે—

> વાસના વેરી જે કામ એવાં કરો, નામ નિશાની રહી જાય જેથી;
> દાખલો આપણો જોઇને કોઇ જન મનથકી માની લે ધીર એથી;

ક્ષુદ્ર વાસના, દૂર કરીને એવાં કામ કરો કે જેથી તમારૂં નામ અમર રહે અને તમારૂં દષ્ટાંત લેઇને અન્ય પણ તેવાં કૃત્યો કરવાને પ્રેરાય ! રે મનુષ્ય ! તું આ જગતને ઉદાર અને મોટા મનથી નિહાળ ! સ્વાત્મભાવ ત્યજી સર્વાત્મભાવ ધારણ કર ! દયારૂપી અમૃતદષ્ટિથી તું સર્વેને નિહાળ ! સુજનતા ધારણ કરી સર્વ પ્રત્યે પ્રેમદષ્ટિ કર ! તેથી ક્ષુદ્રસ્વાર્થની મર્યાદામાં સમાયેલા વિષમ જીવનનો ક્લેશ દૂર કરી તું સ્વસ્થ આનંદ અનુભવી શકીશ ! ઉદાર ચરિત પુરૂષોમાં ગુણો કુદરતી રીતેજ મૂકાયેલા હોય છે.

**वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः ।**
**करणं परोपकरणं येषां केषां न ते वन्द्याः**

તેમનું મુખ પ્રસાદનું ઘર હોયની તેવું પ્રફુલ્લિત લાગે છે. તેમનું હૃદય દયાર્દ્ર હોય છે. તેમની વાણી અમૃત જેવી મીઠી લાગે છે, તેમનાં સર્વે કૃત્યો પરોપકારી હોય છે, અને તેમને સર્વે કોઇ સન્માન આપે છે. ઉક્ત મનુષ્યો પોતે કેવી સ્થિતિમાં હોય છે તે જાણતા પણ હોતા નથી તેમ જાણવાની પણ દરકાર કરતા નથી તેઓ ફકત બીજાના કલ્યાણ માટે કાર્યો કરે છે અને જીવન ગાળે છે. આવા ઉદારચરિત મનુષ્યો અને ક્ષુદ્ર સ્વાર્થી મનુષ્યોના જીવનમાં કેટલું સ્થિત્યંતર છે! જે એકનું દૃષ્ટિબિન્દુ છે તેનો બીજામાં અભાવજ દીસે છે.

આથી સ્વલ્પમાં એ ઉપયુક્ત છે કે સુખનાં સાધનોની વૃદ્ધિના આ જમાનામાં દરેક મનુષ્યે આત્મસંયમનો મહાવરો પાડવો જોઇએ અને મહત્વાકાંક્ષા ધારણ કરવી જોઇએ. અન્ય સર્વ ગુણોની માફક ઉક્ત ગુણ પણ જન્મથી જ મનુષ્યમાં મૂકાયેલો હોય છે છતાં પણ સંયોગોના પ્રમાણમાં તેનો પ્રાદુર્ભાવ થઇ શકે છે. અનૂકુળ સંયોગોમાં વૃદ્ધિગત અને પ્રતિકૂળ સંયોગોમાં તે નિર્મૂળ થાય છે. આ ગુણ ફક્ત મોટા અને દ્રવ્યવાન મનુષ્યમાં હોય એમ કાંઈ નથી. નાના અગર મોટા જે સ્વરૂપ–સ્થિતિમાં મનુષ્ય હોય તેમા આ ગુણનો વિકાશ થઇ શકે છે.
બેનજાન્સ લખે છે કે—

"It is not growing like a tree
In bulk doth make men better be;
Or standing long an oak, three hundred year,
To fall a log at last, dry bald & sere;
A lily of a day,
Is fairer far in may,
Although it fall & die that night;
It was the plant & flower of light,
In small measures we just beauty see,
And in small measures life may perfect be.

વૃક્ષની માફક કદમાં વધવાથી વા ત્રણસેં વર્ષપર્યંત જીવન ગાળી આખરે ફક્ત સુકા ઠુંઠા ઓકવૃક્ષ જેવું થઇખરી પડવાથી કાંઈ મનુષ્ય ઉત્તમ થઇ શકતો નથી. એક દહાડાનું કમળનુંફુલ, જોકે તેજ રાત્રે ખરી પડી

ચિમળાઇ જાય છે છતાં બહુ સુંદર લાગે છે. એવીજ રીતે આપણને નાના સ્વરૂપમાં જીવનની સુંદરતા સત્યપૂર્ણતા જણાય છે અને નાના સ્વરૂપમાંજ જીવન સંપૂર્ણ હોઈ શકે છે. આથી સિદ્ધ થાય છે કે મનુષ્ય ગમે તેવી સ્થિતિમાં હોય ત્યાં સાદી રીતભાત ધારણ કરી આત્મોન્નતિ સાધી શકે છે. તે સુજનતા ધારી શકે છે. પરંતુ આનેમાટે તેનામાં પ્રારંભથી ઉચ્ચ ઉદ્દેશ હોવાની જરૂર છે. જેવી ઇચ્છાશક્તિ તેવોક્રિયાવ્યાપાર થાય છે. માટે ઇચ્છા-વા ઉદ્દેશ ઉચ્ચ રાખવાની જરૂર છે. નાના સ્વરૂપમાં પણ સત્ય પ્રત્યે પ્રેમ. આત્મ નિગ્રહ. ઉદારતા આદિ રાખી શકાય છે. અને વાસ્તવે જે દ્રવ્યાદિથી નથી થતું તે પ્રમીજનોના પ્રેમથી સિદ્ધ થાય છે. એક અંગ્રેજ વિદ્વાન કહે છે કે

"Nurture your mind with great thoughts,
To believe in heroic makes heroes."

ઉચ્ચ વિચારોથી તમારા મનનું પોષણ કરો. પૌરૂષ પરાક્રમમાં શ્રદ્ધા રાખવાથી તમે પણ પરાક્રમી થઈ શકશો ! પુરૂષાર્થવડે મનનો નિગ્રહ કરી તેને ઉન્નત વિચાર કરવાનો મહાવરો પાડવાથી તે આખરે ઉન્નત થઈ શકે છે. મહાપુરૂષોના ચરિત્રના વાચનવડે ક્રમશઃ તેમનું અનુકરણ કરવાનો મહાવરો પડે છે. વા સત્યે પ્રેમ જાગૃત થાય છે અને તેથી આખરે **ઉત્તમતાના ગુણોનો** આવિર્ભાવ થઇ શકે છે. થોમસન નામે એક અંગ્રેજ કવિ લખે છે કેઃ—

"In the service of menl.ind tobe
A gaurdian God below, still to employ,
Mind's brane ardour in heroic aims
Such as may raise us over gronelling herd
And make as shine for ever,
That is life. (Thomson.)

"મનુષ્ય જાતની સેવામાં એક રક્ષક દેવદૂત સમાન થઈ રહેવું અને **નિરંતર પુરૂષ**ત્વની એજ ઉમદા આકાંક્ષા–ઉદ્દેશમાં મનની શૌર્યવાન આતુર ઇચ્છા રોકવી કે જેથી કરીને આપણે ક્ષુદ્ર સમુહ કરતાં ઉચ્ચ સ્થિતિમાં રહી શકીએ અને નિરંતર આપની પ્રજા ફેલાવી શકીએ ! એજ વાસ્તવ જીવન છે."

આવું ઉન્નત જીવન ગાળવાને દરેક મનુષ્યે પ્રેરાવું એ ઉપયુક્ત છે. આ ઉદ્દેશમાંજ દરેક મનુષ્યે પોતાની આતુર ઇચ્છાને રોકવી જોઇએ કે જેથી કરીને પુરૂષાર્થના પ્રમાણમાં તે ન્યુનાધિક અંશે સફળ થઈ શકે જો મનુષ્યના હૃદયમાં કોઇ પણ પ્રકારનો ઉદ્દેશ–કાર્યની રૂપરેખા ન હોય તો એ સ્પષ્ટ છે કે તેનામાં ઉચ્ચ વા નીચ કોઈ પણ પ્રકારના ભેદની તોલનશક્તિ રહી શકે નહિ ! આથી તેનામાં પસંદગીનો અભાવ રહે અને તેની દૃઢતા નિર્બળ થાય ! ક્રમશઃ સત્ય વસ્તુ પ્રત્યે તેનો અભાવ થાય અને જે માર્ગ તેને સરળ લાગે તે પ્રતિ નિરંતર ગતિ કરે ! આથી મનુષ્યે શરૂઆતથીજ ઉચ્ચ ઉદ્દેશની રૂપરેખા દોરવી જોઇએ કે તેનો મહાવરો પડતાં તે જ વિચારોનો તેનામાં સંચાર થાય !

# બોર્ડીંગ પ્રકરણ.

**ભાષણ**—તા. ૧૫-૮-૦૯ ને રવીવારના રોજ બોર્ડીંગના વિદ્યાર્થીઓએ મુનિ મહારાજ શ્રી બુદ્ધિસાગરજીના પ્રમુખપણા નીચે "જૈનોન્નત્તિ" ના વિષય ઉપર ભાષણ આપ્યું હતું તથા તા. ૨૨-૮-૦૯ ના રોજ "બ્રહ્મચર્ય" ના વિષય ઉપર ભાષણ આપ્યું હતું. "બ્રહ્મચર્ય" ના ભાષણ વખતે નીચેના સદ્‌ગૃહસ્થોએ નીચે મુજબ રકમ ભાષણ કરનાર વિદ્યાર્થીઓને ઇનામ આપવા માટે આપી હતી.

રૂ. ૧૦-૦-૦ ઝવેરી. બાપાલાલ ન્હાલશા રૂ. ૨-૦-૦ શા. કેશવલાલ જમનાદાસ પાલખીવાળા રૂ. ૧-૦-૦ શા. લાલભાઇ મગનલાલ.

ઉપરની રકમમાંથી વકીલ. વેલચંદભાઇ ઉમેદચંદે ભાષણ કરનાર વિદ્યાર્થીઓને તેઓની લાયકી મુજબ ઇનામ આપ્યું હતું તેની વિગત.

રૂ. ૩-૦-૦ શા. ચંદુલાલ મથુરદાસ રૂ. ૨-૮-૦ શા. ધરમસીંહ પુરૂષોત્તમ રૂ. ૨-૦-૦ શા. ચંદુલાલ મયાચંદ રૂ. ૧-૮-૦ શા. વાડીલાલ ડુંગરશી રૂ. ૧-૪-૦ શા. લલ્લુભાઇ ઓઘડ રૂ. ૧-૦-૦ શા. હરીલાલ કેવળચંદ રૂ. ૦-૧૨-૦ મહેતા. મગનલાલ માધવજી રૂ. ૦-૮-૦ શા. બાલાભાઇ મંગળશી.

**મદદ**—આપણી મહાન્ કોન્ફરન્સ તરફથી ગયા સપ્ટેમ્બર માસથી બાર મહીના સુધી આ બોર્ડીંગને દરમહીને રૂ. ૨૫-૦-૦ આપવાનું નક્કી થયું છે. આ બાબત તેના કાર્ય વાહકોનો ઉપકાર માનીએ છીએ.

જુદા જુદા સદ્‌ગૃહસ્થો તથા બ્હેનો તરફથી આ બોર્ડીંગને રોકડા રૂપિઆ આપેલા તેની વિગત.

| રૂ. આ. પાઇ. | નામ. |
|---|---|
| ૨૫-૦-૦ | બાઇ બાપી ઉર્ફે જેકોર શા. દલપતભાઈ હકમચંદની વિધવાના વાલી લલ્લુભાઈ મણીલાલ સગીરના ટ્રસ્ટીઓ તેલી મણીલાલ લલ્લુભાઈ તથા શા. ચુનીલાલ ગોપાલજી તથા શા. ચકુભાઈ પ્રતેચંદે આપ્યા. |
| ૨૦-૦-૦ | બાઇ મંગુ શા. ડાહ્યાભાઇ છગનલાલની વિધવા. |
| ૨-૦-૦ | માસ્તર ગીરધરલાલ હકમચંદ. |
| ૫૧-૦-૦ | ડૉક્ટર જમનાદાસ પ્રેમચંદ. હા. જેશીંગભાઈ મગનલાલ. |
| ૨૦૦-૦-૦ | બાઈ તેજા શા. દીપચંદ ભેમાજીની ઓરત. હા. મોહલાલ નગીનદાસ. |
| ૧૦-૦-૦ | માસ્તર મનસુખરામ અનોપચંદ. |
| ૨૫-૦-૦ | બાઇ જીવીની વતી હા. શા. નથુભાઈ જેઠાભાઈ. |
| ૧૨૫-૦-૦ | પાંચકુવા કાપડના મહાજન તરફથી હા. શેઠ નેમચંદ દેવચંદ, |
| ૪૫૮-૦-૦ | ચાલુ |